કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૮ ● ઓગસ્ટ ૨૦૧૯




અમદાવાદ મંદિરમાં ગુરુ પૂર્ણિમા અને
પ.પૂ.લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧













૧. કાલુપુર મંદિરમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ મહોત્સવના યજમાન પરિવાર પ.પૂ. મહારાજશ્રી પાસે આશીર્વાદ લેતા. ૨. કાલુપુર મંદિર દ્વારા કીર્તન અને નિત્ય નિયમની બે નવી એપને ખુલ્લી મુકતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ હિંડોળા તથા રથયાત્રાના દર્શન. ૪. તા.૧૪-૭-૨૦૧૬ના રોજ બાવળા મુકામે બાવળાની આજુબાજુના ગામ-શહેરના યુવાનોનો પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સીધો વાર્તાલાપ "ફેસ ટુ ફેસ લાલજી મહારાજશ્રી" અંતર્ગત યોજાયો જેમાં ૨૨ જેટલાં ગામોના યુવાનો એ ભાગ લીધો તથા કીર્તન સેમિનાર માં યુવાનોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાયો. ૫. કોલોનિયા મંદિરમાં સૂર્યનારાયણદેવની પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● સળંગ અંક : ૧૪૮

ઓગસ્ટ-૨૦૧૯

(મૂળ વર્ષ ૫૦)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | લાલદાસ ગોરા | ૦૬ |
| ૦૪. | હે પ્રભુ જગતને પ્રકાશિત કરો | ૦૮ |
| ૦૫. | ગુરુ પૂર્ણિમાના પાવન પર્વે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૮ |
| ૦૯. | પ્રશ્નપેટી | ૨૩ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ્

આપણો ભારત દેશ વિશ્વમાં આધ્યાત્મિક સંસ્કૃતિનો દેશ ગણાય છે. પરબ્રહ્મ પરમાત્માએ પ્રગટ થવા માટે આપણા દેશને પસંદ કર્યો છે. ઋષિમુનિઓ અને સાધુ સંતો મહાત્માઓનો આ દેશ છે. આપણા દેશમાં જન્મ લેવા માટે ઘણું તપ કરવું પડે છે. તેવો આપણો આ મહાન દેશ છે.

હમણાં આપણા દેશના ઈસરોના સાયન્ટીસોએ બહુમોટી સિધ્ધિ મેળવી છે. ચંદ્રયાન-૨ નું સફળ લેન્ડીંગ થતા જ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પહેલો દેશ અને ચંદ્રની ધરતી પર પહોંચનારો આપણો ભારત દેશ ચોથો દેશ બનશે. ખરેખર સમગ્ર દેશવાસીઓને ગૌરવ લેવા જેવી વાત છે. ધરતીથી ચંદ્ર આશરે ૩,૮૪૪ લાખ કિલોમીટર દૂર છે. ચંદ્રયાન ૧૯ ઓગસ્ટ ચંદ્રની કક્ષામાં પહોંચશે. જે ૩૧ ઓગસ્ટ સુધી ચંદ્રના ચક્કર કાપશે. આ આપણી સફળ ટેકનોલોજીની વાત થઈ. આજથી ૨૦૦ વર્ષ પહેલા લખાયેલ આપણા જ વચનામૃતમાં ખગોળ ભૂગોળનું વચનામૃત આજના વૈજ્ઞાનિકોએ વાંચવું જોઈએ.

આપણા સૌ ભક્તોએ ગુરુ પૂર્ણિમા મહામહોત્સવ ભવ્યતાથી ઉજવ્યો. સર્વોપરી શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલ સર્વોપરી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કર્યું સાથે સાથે પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રીનો ૨ ૨ મો જન્મોત્સવ (એડવાન્સ) પણ ભવ્યતાથી ઉજવ્યો.



કાલુપુર મંદિરમાં ગુરુ પૂર્ણિમા પ્રસંગે જેટલો સત્સંગ સમુદાય જે સૌ કોઈએ નિહાળ્યો તે ખરેખર ન ભૂતો ન ભવિષ્યતિ જેવો હતો. ચાલું દિવસ હતો. ટ્રાફિક-પાર્કિંગની સમસ્યા હતી તો પણ આટલી જનમેદની જોઈને જરૂર એમ થાય કે આ સર્વોપરી દેવ ગાદી માટે સંત હરિભક્તોના હૃદયમાં કેટલો પ્રેમ-લાગણી સમાયેલા છે તેના તાદૃશ દર્શન થયા. ઠાકોરજીના હિંડોળા ઉત્સવ ચાલે છે. છેક દિવાળી સુધી ઉત્સવોની હારમાળા સતત ચાલતી રહેશે. જેના દર્શન સૌ

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઈ-૨૦૧૯)



| | |
|---|---|
| ૩ | અમેરિકા સત્સંગ પ્રચારાર્થે વિચરણ |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર હંસવિલે (અમેરિકા)માં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૧થી૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન લંડન પાટોત્સવ કથા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ગુરુ પૂર્ણિમાના સમસ્ત સંત-હરિભક્તો દ્વારા ધર્મકુળ - ગુરુ પૂજન અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૨ મો જન્મોત્સવ પોતાના સાનિધ્યમાં ધામધૂમથી ઉજવ્યો. |
| ૨૫થી૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર હેરો લંડન પાટોત્સવ |



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઈ-૨૦૧૯)

| | |
|---|---|
| ૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર વહેલાલ પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા પધરામણી |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ગુરુ પૂર્ણિમાના સમસ્ત સંત-હરિભક્તો દ્વારા ધર્મકુળ - ગુરુ પૂજન અને ૨૨ મો જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો. |
| ૧૭થી૩૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર હેરો લંડન પાટોત્સવ કથા પ્રસંગે અને ત્યાંથી અમેરિકા સત્સંગ પ્રચારાર્થે |

# લાલદાસ ગોરા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા સંપ્રદાયના ઈતિહાસમાં ભક્તમાળ મુક્તોમાં અમદાવાદ શહેરના ભક્તોમાનાં સત્સંગી શિરોમણી હરિભક્ત શ્રી લાલદાસ ગોરાની કથા વાંચન-શ્રવણથી આપણને વધારે ઉપયોગી અને પોષણ કરતા નિવડે છે. કેમ કે, એવા શ્રેષ્ઠ ભક્તો અન્ય ભક્તોના આદર્શ ગણાય છે. તેવા હરિભક્તોને ભગવદ્ પ્રાપ્તિ માટે કેવા કેવા વિઘ્નોનો સામનો કરવો પડ્યો ? કસોટીના કાળમાં પણ કેવી રીતે કેવો મહિમા રાખ્યો, કેવો દિવ્ય ભાવ રાખ્યો કેવી સેવા અને સમપર્ણ સમય સૂચકતા જાળવીને શ્રીહરિની સેવામાં પારંગત બન્યા. તેવા હરિભક્તોની કુળ પરંપરાનાં દર્શન પણ કરવા જોઈએ. શ્રીહરિના સમકાલીન સમયમાં અતિ ધનાઢ્યમાં જેમની ગણના કરવામાં આવી છે તેવા અમદાવાદના નવાવાસના નિવાસી પરમભક્ત લાલદાસ જોઈતારામ ગોરાના જીવનના કેટલાક પ્રસંગોનું અહીં સંશોધન કરવામાં આવેલ છે. બારોટના ચોપડાના આધારે તેઓની અટક ચાર પેઢી પૂર્વે મહેતા અટક હતી. તેઓના પૂર્વજો રાજસ્થાન ભીનમાલમાં વિશાવણિક વૈષ્ણવ તરીકે જાણીતા હતા. સંવત ૧૭૪૦ ની સાલમાં દાદા ચાંદીયાદાસ મહેતા અમદાવાદમાં અસારવામાં રહીને નામું લખતા. તેમના પૂર્વજોમાં લાલદાસના પિતા જોઈતાદાસ તેમના પિતા ચાંદીયાદાસ તેમના પિતા ભીમદાસ તેમના પિતા ગોશદાસ હતા. ગોરાબાપાની પ્રખ્યાતિના કારણે ગોરાબાપાના વંશજોની પાછળ ''ગોરા'' અટક શરૂ થઈ અને એકાદ-બે પેઢી પછી મહેતા અટક મટીને બધાની પાછળ ગોરા અટક લખવાનું શરૂ થયું. તેથી પરમ ભક્ત દાનવીર લાલદાસને ગોરા કહેતા. લાલદાસ ગોરાના દાદાને અમદાવાદના બાદશાહ સાથે ખૂબજ સારા સંબંધ હતા. તેઓ સ્વભાવે સરળ, પ્રમાણિક અને સત્યના આગ્રહી હતા. તેથી બાદશાહના વફાદાર તરીકે શહેરમાં સારી નામના મેળવી હતી. બાદશાહે દાદા ચાંદીયાદાસને ખુશ થઈને બહિયલ વિસ્તારના ૮૪ ગામનો કર લેવાની બક્ષિસ આપી હતી. તેથી તેઓનો પરિવાર સન્માનની સાથે સાથે ધનવાન પણ બન્યો. દાદાના કેટલાક કુટુંબી પરિવાર બહિયલ ગામે સ્થાયી નિવાસ કરીને રહ્યા હતા. લાલદાસના પિતા જોઈતાદાસ ગોરા અસારવામાંથી ઈ.સ. ૧૮૦૫ ની સાલમાં નવાવાસમાં મકાન બનાવીને રહેવા લાગ્યા. લાલદાસનો જન્મ ઈ.સ. ૧૮૩૦ ની સાલમાં થયો. એક આદર્શ પરિવારના શુભ સંસ્કારોનો વારસાનો પેઢીઓના પુણ્યના પ્રતિક સ્વરૂપે ભક્તરાજ લાલદાસ ગોરાની નામના બાળપણથી થવા લાગી હતી. પ્રમાણિકતા, સરળતા, નિતિમત્તા જેવા મૂળભૂત સદ્ગુણો લોહીના વારસામાંથી મળ્યા હતા. પૂજા, પાઠ, સત્સંગ, ભજનમાં અભિરુચિ ના કારણે શહેરમાં જ્યાં જ્યાં સારા પ્રસંગો, ઉત્સવો ઉજવાય કે સત્સંગના કાર્યક્રમો થાય કે સાચા સાધુ સંતના ઉપદેશ પ્રવચનો થતા હોય ત્યાં સહેજે પહોંચી જાય. રાજ્યસત્તાના સંબંધની મોટાઈ કે ધનવાનપણાનો ગર્વ તો જીવનમાં દેખાય પણ નહિ. તેવામાં એકવાર આસ્ટોડીયા વિસ્તારમાં આવેલા અંબાબેનના ઘેર ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક સદ્ગુરુ રામાનંદ સ્વામી પધાર્યા. સ્વામીના દર્શન-વચન સાંભળીને આવા સદ્ગુરુ આ કલિયુગમાં હવે બીજે નહિ મળે એવું માનીને ઉદ્ધવ સંપ્રદાયની શરણાગતિ સ્વીકારીને સત્સંગી થયા. જેટલો સમય રામાનંદ સ્વામી અમદાવાદ શહેરમાં રહેતા ત્યારે બધાજ કામમાંથી પરવારીને સત્સંગનો લ્હાવો લેવા અવશ્ય જતા. આશ્ચર્યની વાત તો એ છે કે, લાલદાસ ગોરાનું ધનવાનોમાં નામ હતું. સ્વામી જાણતા હતા કે આ પરિવાર પરંપરાથી ધનવાન છે. છતાં પણ રામાનંદ સ્વામીએ તેમની પાસે ક્યારેય પણ કોઈપણ પ્રકારની પ્રત્યક્ષ કે પરોક્ષ રુપે ધનની યાચના કરી નહિ. લાલદાસ ગોરાને વિશેષ શ્રધ્ધા થઈ કે

આવા નિઃસ્પૃહી સાધુ આખા બ્રહ્માંડમાં ક્યાંય નહિ મળે. તે સમયે શહેરમાં દામોદર ભક્ત, કુબેરદાસ વિગેરે સ્વામીને પરિચય કરાવતાં સૂચન કરતા કે લાલદાસ બહુ મોટા ધનાઢ્ય છે. ત્યારે રામાનંદ સ્વામી જવાબ આપે કે, ''હું તો ડુગડુગી વગાડનારો છું.'' એમ કહીને વાત ટાળી દેતા. ત્યાર પછી રામાનંદ સ્વામીના અનુગામી તરીકે સર્વાવતારીશ્રી સહજાનંદ સ્વામી બન્યા. તે સમયે રામાનંદ સ્વામીના આશ્રિતોમાં કેટલાક મત મતાંતરો ઉપસ્થિત થયા. તેમાં કેટલાક શિષ્યોએ સહજાનંદ સ્વામીને સ્વીકાર્યા નહિ. ત્યારે અમુક ગામોમાં કેટલાક આશ્રિતો વિમુખ થયા. તેમાં અમદાવાદનો સાધુ રઘુનાથદાસ મુખ્ય હતો. તેને શહેરના હરિભક્તોને વિમુખ વૃત્તિવાળા કરવા આકાશ-પાતાળના પ્રયત્નો કર્યા. તેમ છતાં ભક્તરાજ લાલદાસ જોઈતાદાસ ગોરાની રામાનંદ સ્વામીની આજ્ઞામાં અચલ શ્રધ્ધા વિશ્વાસ હોવાથી તેઓ સહજાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહીને સત્સંગમાં અડગ નિષ્ઠાવાળા સેવા-સત્સંગ કરતા રહ્યાં.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર અમદાવાદમાં કરીને બાથમાં લઈ ધર્મભક્તિના પુત્ર શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી ત્યારે બહુ મોટો ઉત્સવ કર્યો. ઉધ્ધવ સંપ્રદાયના સમસ્ત ત્યાગી-ગૃહી નરનારી ભક્તોને તેડાવ્યા હતા. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓને બોલાવીને કહ્યું કે, શ્રી નરનારાયણદેવ પધરાવ્યા તે માટે શહેરના બ્રાહ્મણોને જમાડવા જોઈએ. પછી આનંદાનંદ સ્વામીને પૂછ્યું કે, તમારા કોઠારમાં જો રૂપિયા હોય તો અહીંના બ્રાહ્મણોને જમાડીએ. આનંદાનંદ સ્વામીએ કહ્યું કે, પ્રભુ ! કોઠારમાં હાલ બ્રાહ્મણોને જમાડવા યોગ્ય રૂપિયા નથી. ત્યારે મહારાજ કહે : કોઈ ધનાઢ્ય હરિભક્ત અહીં આપે એવો છે ? ત્યારે આનંદાનંદ સ્વામી કહે હા, મહારાજ એક ધનાઢ્ય હરિભક્ત લાલદાસ ગોરા છે જે મંદિરની પાસે નવાવાસમાં રહે છે. તે ઘણા રૂપિયાનો આસામી છે. એટલે શ્રીજીમહારાજે લાલદાસ ગોરાને બોલાવીને પૂછ્યું કે, તમારી પાસે કેટલા રૂપિયા છે ? તેમણે કહ્યું કે મારી પાસે સાત હજાર રૂપિયા છે.

શ્રીજી મહારાજે પૂછ્યું કે, એ રૂપિયા તમે અમને આપશો ? ત્યારે લાલદાસ ગોરાએ કહ્યું હા, મહારાજ ! હું ઘરના માણસોને પૂછી લઈને આવું છું. એમ કહીને ઘરે જઈ વાત કરી તો કહે કે, એ રૂપિયા મહારાજે આપણને આપ્યા છે એટલે મહારાજના જ છે. આપી દો. આપણે તો રળી ખાશું. ઘરના મનુષ્યની સહમતી લઈને પટારામાંથી સો સો રૂપિયાની થેલીઓનું પોટલું માથે મુકીને શેઠે શ્રીજીમહારાજના ચરણમાં મુકી દીધું. ત્યારે શ્રીહરિ શેઠ પર ખૂબજ પ્રસન્ન થયા. અને તુરત શહેરના વિપ્રોની નાતના આગેવાનોને બોલાવીને પરમ દિવસે એટલે ફાગણ સુદી પાંચમના દિવસે શહેર ચોરાશી કરવાનું કહ્યું. શહેર ચોરાશીના દિવસે શ્રીહરિએ જેરામ બ્રહ્મચારી અને નાનાભાઈ મહેતાને પાસે બોલાવીને હરિભક્તોના સંઘમાં સાદ પડાવ્યો. અને મહારાજ કાંકરિયાની પાળે મંચની નીચે ગાદી તકિયા નંખાવીને બિરાજતા હતા. શ્રીહરિના કોઠારી પ્રભાશંકર દવે અને લાધા ઠક્કર ભેટને લેતા હતા. બધા હરિભક્તો પૂજા કરી રહ્યા પછી લાધા ઠક્કરે ભેટના રૂપિયા ગણ્યા તો સાત હજારને અડધો રૂપિયા થયા. આવી રીતે શ્રીજી મહારાજે લાલદાસ ગોરાને બોલાવીને તે સાત હજાર રૂપિયા પાછા આપ્યા. તે સમયે સાત હજાર રૂપિયાનો ખર્ચ શહેર ચોરાશીમાં થયો હતો. સંપ્રદાયમાં ધનવાન હરિભક્તોમાં અમદાવાદના લાલદાસ ગોરા અને બોટાદના ભગા દોશી શેઠના નામ સત્સંગમાં જાણીતા છે. શ્રીજી મહારાજ માગે અને ઘરમાં એક પણ રૂપિયો રાખે નહિ તેવા હરિભક્ત લાલદાસ ગોરાને કોટી કોટી વંદન. લાલદાસ ગોરાના પુત્ર મદનલાલ થયા તેના કેશવજી ગોરા થયા તેઓ શ્રી નરનારાયણદેવની ખૂબજ સેવા કરતા હતા. કાંકરિયા તળાવની પાળે મંચની નીચે ગાદી તકિયો બિછાવીને શ્રીજીમહારાજ બિરાજમાન થયા ત્યારે દેશદેશાન્તરના હરિભક્તોએ પૂજા કરીને સાત હજારની ભેટ એકત્ર થઈ તે પ્રસાદીની જગ્યાએ આપણા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ બાલ સ્વરુપ કષ્ટભંજનદેવની સ્થાપના કરેલી છે. જે શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા-રામબાગમાં આવેલ છે.

# હે પ્રભુ જગતને પ્રકાશિત કરો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

अष्टपदीयम् योगानन्दमुनिकृतम्

जलधरसुन्दर मदनमनोहर हृदयतमोहर कृष्ण हरे ।
वृषकुलभुषण दलितविदूषण दिव्यविभूथण दिव्यगते ॥
जय जय जयकर दीनदयाकर जगतिदिवाकर दिव्यपते ॥१
निजजनरंजन भवभयभंजन मुनिनिरंजन भक्तरते ।
मुनिजनमंडन विषयविखंन खलजनदंडन दंडविधे ॥ जयजय..॥२
असुरनिकंदन सुरवृषनंदन चर्चितचंदन मुक्तमुने ।
भवजलतारण दोषनिवारण मंगलकारण मुक्तपते ॥ जयजय..॥३
सरसिजलोचन जनिमृतिमोचन रविशशिरोचन रागिरते ।
असुरविमोहन सुरसुखदोहन वारणरोहण शीघ्रगते ॥ जयजय..॥४
निजहितशासन शापविनाशन हयगरूडासन सादिवृते ।
दुर्गपुरासन भक्तनिवासन भुंजितकुवासना भक्तरते ॥ जयजय..॥५
रचितनिजावन भक्तविभाजन पंक्तसुपावन पुण्यपते ।
शंकुरु शंकर वैरिभयंकर धर्मधुंरधर योगिगते ॥ जयजय..॥६
खंडितचंडं पंडितमंडं जितपाखडं दंडभटम् ।
कंपितकालं वृषकुलपालं वरवनमालंपीतपटं ॥ जयजय..॥७
श्रितसुखकंदं बोधितमंदं सहजानंदं त्वधिभजे ।
कुरू तव दासं चरणनिवासं त्यक्तकुवासं योगमुनिम् ॥ जयजय..॥८

યોગાનન્દ મુનિ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના પૂર્વક વિનંતિ અને સ્તુતિ કરતાં કહે છે હે ભગવાન તમારો સર્વજગતમાં જય જયકાર થાય છે. માટે જગતના જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરીને જ્ઞાન રૂપી પ્રકાશને પ્રકાશિત કરો જેથી જીવ પોતાના આત્માનું શ્રેય સાધી શકે અને પોતાના હૃદયમાંથી વિષયોની કુત્સિત વાસનાને બાળી શકે અને તમારા દિવ્ય સ્વરૂપને ધારણ કરી શકે એવી કૃપા કરો તે તમારું દિવ્ય સ્વરૂપ કેવું અદ્‌ભુત છે તેનું વર્ણન આ અષ્ટકમાં કરે છે તેના અર્થનો વિચાર કરીએ --

**જલધરસુન્દર મદનમનોહર હૃદયતમોહર કૃષ્ણ હરે । વૃષકુલભુષણ દલિતવિદૂષણ દિવ્યવિભૂષણ દિવ્યગતે ॥ જય જય જયકર દીનદયાકર જગતિદિવાકર દિવ્યપતે ॥૧॥**

શ્રી યોગાનન્દ મુનિ સ્વયં જે દિવ્ય અને અદ્‌ભુત સ્વરૂપના નિત્ય દર્શન કર્યા છે તે સ્વરૂપ કેવું છે તેનું વર્ણન કરે છે – જેમનું મનુષ્ય શરીર અષાઢ માસના નવીન ઘેરાયેલાં વાદળોના જેવું શ્યામ સુન્દર છે. જેમાં કામદેવનું પણ મન ખેંચાઈ જાય તેવું રૂપ સૌન્દર્ય છે. જીવના હૃદયમાં આદિ કાળથી વ્યાપેલ હું અને મારું રૂપ જે અજ્ઞાન તેને પણ નાશ કરે તેવું છે. જેમનું નામ માર્કંડેય મહામુનિએ શ્રીકૃષ્ણ રાખ્યું છે અને શ્રીહરિ એવું બીજું નામ પણ પાડ્યું છે અને ધર્મદેવના કુળના આભૂષણ રૂપ છે. પોતાના આશ્રયે આવેલાં ભકતોના સર્વ દોષોને દૂર કરે છે. જેઓ હમેંશા દિવ્ય વસ્ત્ર અને આભૂષણો ધારણ કરે છે. આશ્રિત ભક્તોને સદા દિવ્ય ગતિ અર્થાત આત્યન્તિક મોક્ષ આપે છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૧)

**નિજજનરંજન ભવભયભંજન મુનિનિરંજન ભક્તરતે । મુનિજનમંડન વિષયવિખણ્ડન કલજનદંડન દંડવિધે ॥ જય જય.. ॥૨॥**

પોતાના આશ્રયે આવેલાં સ્વભક્તોને સદા રંજન કરીને આનન્દ આપે છે. જન્મમૃત્યુના ભયનો નાશ કરે છે. સમગ્ર વિશ્વને રંજન કરીને આનન્દ આપે છે. પોતાના ભક્તો જેમને અતિ પ્રિય છે. જે મૌન વ્રત ધારી ઋષિઓ તપસ્વીઓ અને સત્પુરૂષોનું માહાત્મ્ય કહે છે.અને જેઓ માયિક પંચ વિષયોનું સદા ખંડન કરે છે. જેઓ આસુરી વૃત્તિવાળા પાપકર્મ કરનારાને દંડ આપે છે. અને તેને કેવા પ્રકારના કર્મનો કેવો દંડ આપવો તેની વિધિના પ્રવર્તનારા છે.

જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૨)

**અસુરનિકંદન સુરવૃષનન્દન ચર્ચિતચંદન મુક્તમને । ભવજલતારણ દોષનિવારણ મંગલકારણ મુક્તપતે ॥ જય જય... ॥૩॥**

અધર્મનું આચરણ કરનારા અભક્ષ્યનું ભક્ષણ કરનારા આસુરી વૃત્તિવાળાનો વિનાશ કરે છે.સત્કર્મ કરનારા અને પુણ્યવાળા ભક્તોનું સદા રક્ષણ કરીને તેને પરમાનન્દ આપે છે. જેમના લલાટમાં મુક્તાનંદ મુનિ સુગંધીદાર ચંદનનો લેપ કરે છે. અર્ચા કરે છે. જીવોને જન્મમૃત્યુ રૂપ ભવસાગરથી પાર ઉતારે છે. જે શ્રીહરિનો આશ્રય કરનારાના સર્વ દોષોનું નિવારણ થાય છે. જગતના મંગળ અને શ્રેયના મૂળ કારણ છે. અનન્ત અક્ષરમુક્તોના પતિ છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૩)

**સરસિજલોચન જનિમૃતિમોચન રવિશશિરોચન રાગિરતે । અસુરવિમોહન સુરસુખદોહન વારણરોહણ શીઘ્રગતે ॥ જય જય.. ॥૪॥**

જે શ્રીહરિએ માનવ દેહ ધારણ કરેલ છે તેમના નેત્રો આંખો ખીલેલાં કમળની પાંખડી જેવા છે. આશ્રિતોને જન્મમૃત્યુ રૂપ સ્મૃતિથી મુકાવે છે. જગતને પ્રકાશ આપનારા સૂર્ય અને ચન્દ્રને પ્રકાશ આપે છે. જેઓ ભગવાન શ્રીનરનારાયણના જન્મોત્સવના ફુલદોલોત્સવમાં પોતાના ભક્તો ઉપર ગુલાલ ઉડાડવાની રૂચિ વાળા છે. અજ્ઞાની એવા અસુરોને મોહ ઉપજાવે છે. સાત્વિક વૃત્તિવાળા પુરૂષોને સુખ આપે છે. પોતાને પ્રિય એવા અશ્વ માણકી ઘોડી ઉપર અશ્વારી કરે છે. અને જે સ્વયં ઉતાવળી ગતિથી ચાલવાની ટેવ વાળા છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૪)

**નિજહિતશાસન શાપવિનાશન હયગરૂડાસન સાદિવૃતે । દુર્ગપુરાસન ભક્તનિવાસન ભંજિતકુવાસન ભક્તરતે ॥ જય જય... ॥૫॥**

પોતાના આશ્રિતોને ભાગવદ્ધર્મમાં સદા સ્થિર રાખે છે. ભગવાન શ્રીનરનારાયણના આશ્રમમાં મુનિઓને થયેલા દુર્વાસા ઋષિના શ્રાપથી છોડાવે છે. દેશાન્તરોમાં વિચરણ કરવા ગરૂડના જેવી ગતિવાળા પોતાના અશ્વ માણકી ઘોડી ઉપર વિરાજે છે. જેમનું વર્તન વેષભૂષા સાદા અને સાત્વિક છે. જેઓ ગઢપુરમાં નિવાસ કરે છે. ક્યારેક દેશાન્તરોમાં પોતાના પ્રિય ભક્તોના ઘરોમાં પણ નિવાસ કરે છે. આશ્રિતોના હૃદયમાંથી કુવાસનાનો જેમણે નાશ કર્યો છે. જેઓ પોતાના ભક્તોની સંભાળ લેવામાં સદા તત્પર રહે છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે. સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૫)

**રચિતનિજાવન ભકતવિભાજન પંક્તિસુપાવન પુણ્યપતે । શંકુરૂ શંકર વૈરિભયંકર ધર્મધુરંધર યોગિગતે ॥ જય જય ॥૬॥**

પોતાને આશ્રિત ભક્તોની રક્ષા માટે પોતાના સંપ્રદાયના બંધારણ રૂપ શિક્ષાપત્રીની રચના કરી છે. ભકતોના રક્ષણ માટે વિભાગ ત્યાગી ગૃહિ બાઈ ભાઈના વિભાગ કર્યા છે. ભક્તોને સંતોને જમાડવા માટે પંક્તિમાં મિષ્ટાન્નો પીરસીને તૃપ્ત કર્યા છે. જેઓ સમગ્ર પુણ્યના સ્વામી છે. જે ભક્તોને સુખ આપે છે અને તેમનું કલ્યાણ કરે છે. જે ધર્મના શત્રુઓ માટે ભયંકર છે. જેઓ ધર્મને સદા ધારણ કરી રહ્યા છે. યોગ સિદ્ધ કરનારાના ધ્યેય છે અને તેમને મોક્ષ આપનારા છે જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ

(પેઈજ નં. ૧ ૨ ૫ ૨)

# ગુરુ પૂર્ણિમાના પાવન પર્વે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**અમદાવાદ-કાલુપુર મંદિર તા. ૧૬-૭-૨૦૧૯ :** તમે સૌ ગમે ત્યાં બેઠા હો પરંતુ બધા મારી નજરમાં છો જ. કોણ ક્યાંથી આવ્યા છો તેનું એક વાર Scaning (બારીકાઈથી જોવું) કરી લાઉં છું. આ દેવ છે, દેવનું સાંનિધ્ય છે. આચાર્ય પદના મહિમાની વાત થઈ, એ કોઈ વ્યક્તિગત માણસના ગૌરવ કે અભિમાન માટેની વાત નથી. આચાર્ય પદની આ વાત છે. અને સ્વયં મહારાજે એ સ્થાપિત કર્યું છે. જેને સાચવવાની જવાબદારી અમારી છે અને લાલજી મહારાજની છે અને તેમાં તમારા બધાનો સહયોગ, પ્રેમ અને લાગણી છે.

હું ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે Land (પ્લેનમાંથી નીચે ઉતરવાના અર્થમાં) થયો. પોણા અગિયાર વાગ્યે સ્વા. બાગ ખીચડી ખાવા ભેગો થયો. **પણ લંડનથી આવ્યો માત્ર દેવ (નરનારાયણદેવ)ના દર્શન કરવા માટે, End of the day ગુરુ પૂર્ણિમાની વાત કરીએ તો આનાથી (નરનારાયણદેવ) આગળ કોઈ નથી. આચાર્યના મહિમાની વાત આવે પણ એ મહિમા દેવ થકી છે, સંસ્થા પણ દેવ થકી છે. દેવના થઈને રહીએ તો એનાથી આગળ બીજું કંઈ કહેવાનું રહેતું નથી.**

લાલજી મહારાજના જન્મ દિવસ નિમિત્તે (તા. ૨૭-૭-૨૦૧૯ હતો પરંતુ સાથે ઉજવ્યો) હમણા કેક કાપી સંતોના આગ્રહથી દેવની પ્રસાદી જાણી અમે લાલજી મહારાજને જમાડી, લાલજી મહારાજે અમને જમાડી. લાલજી મહારાજે કહ્યું બહુ સરસ છે. હું લગભગ ખાતો નથી. પરંતુ મને પણ મીઠાશ લાગી. કેક કાંઈ મીઠી ન હોય, એ કેકની મીઠાશ નથી. પરંતુ દેવનું સાંનિધ્ય તેમજ સંતો-હરિભક્તોનો પ્રેમ અને લાગણી તેની એ મીઠાશ હોય છે ? શાકોત્સવમાં કેવો સ્વાદ આવે છે ! કારણ ? **ભગવાન જ્યાં ભળે ત્યાં કંઈક જુદો જ રસ જાગે છે. એ રસ ભગવાનનો હોય છે.**

ગઈકાલે હું આવ્યો, હવે લાલજી મહારાજ તથા પરિવાર વિદેશ જશે. Holiday (તહેવાર-આરામ કે રજાનો દિવસ) ઉપર અમે કોઈ નથી જતા. જવાનું એક માત્ર કારણ વિદેશમાં અને ગામડાઓમાં પણ આપણા હરિભક્તો રહ્યા છે. અને સત્સંગનું મૂળ એ આપણા ગામડા છે. આજ સુધી ગામડા સુરક્ષિત રહ્યા છે અને એ ગામડાઓ થકી આપણે રૂડા છીએ. રાજસ્થાનના લગભગ એક એક નાના મોટા ગામડાઓમાં અમે જઈ આવ્યા છીએ. હમણા થોડા સમય પહેલા જ ભગુજીના ગામથી વાલી મંદિર સુધી પદયાત્રા કરેલી. શું એની જાહોજલાલી હતી ! વસ્તુ પદાર્થ કે ભૌતિકતાની વાત નથી કરતો. સુવિધાની મીઠાશ નથી હોતી, મીઠાશ ભગવાનની હોય છે. **ભગવાન ભેળા હોય પછી જાહોજલાલી ક્યાં નથી હોતી!**

સ્વામીએ કહ્યું સફારી (ટાટા સફારી ગાડી) કેમ વાપરો છો ? શું કરું ? જે માર્ગે નથી જવું કે નથી આવડતું એ શીખવાની જરૂર પણ નથી. રોટલા અને કઢીમાં જે રસ આવે છે તે પીઝામાં નથી આવતો. **જીવનમાં દેવ મળ્યા છે એ જ વસ્તુ પરિપૂર્ણ છે અને જ્યાં સુધી દેવના સાનિધ્યમાં છીએ ત્યાં સુધી સુરક્ષિત છીએ.** આનંદની વાત છે કે આપણી પાસે બહુ મોટું Spectrum છે. આ આગળ બેઠા છે એ વહીવટ કરે છે. કરતા આવ્યા છે અને કરશે. તમારે બધાએ કરવાનો છે. પારદર્શકતામાં હું માનું છું અને માનતો રહીશ. સાદાઈમાં મઝા છે. જાડી (ભારે કિંમતી) ગાડી વાપરવાનું મન એટલા માટે નથી થતું કે નાનામાં નાના હરિભક્તોના યોગદાનથી આ ગાડીના પૈડા ચાલે છે. મારે કોઈની પાસે એવી આંગળી નથી ચીંધાવડાવવી કે જુઓને મફતના પૈસાની કેવી ગાડીઓ ફેરવે છે. **દેવના રૂપિયા છે. દેવની ગલ્લા પેટીમાં તમારો એક એક રૂપિયો પરસેવાનો અને લોહીનો આવ્યો હોય છે. તેની કિંમત આંકી શકાતી નથી.**

મહારાજ વખતથી સંતોએ તેમજ અમારા અને તમારા વડવાઓએ આ જે ઈતિહાસ રચ્યો છે અને તેના કારણે આપણને જે પ્રાપ્ત થયું છે તે કોઈની તાકાત નથી કે

બીજા કોઈ પાસે હોઈ શકે. આ મોટી ધરોહર છે. લાલજી મહારાજે કહ્યું કે સભા થઈ હતી એ નિમિત્તે ઉત્તર ગુજરાતમાંથી હરિભક્તો અહીં ચાલીને આવ્યા છે. રાજસ્થાનના ઘણા ભક્તો મુંબઈથી અહીં આવ્યા છે. દરેક ક્ષેત્રમાં આપણા હરિભક્તો છે. ઘણા તીર્થમાં જાય છે. પરંતુ સુવિધા મળે એવું તીર્થ શોધે. સુવિધા ન મળે તો અડધી રાત્રે ટેલિફોન કરે કે ઉતારા માટે ભલામણ કરોને. એક વાર તો રહેવાયું નહી એટલે અમે પૂછ્યું, તમે ગયા છો શેના માટે ? તો કહે દર્શન કરવા. મેં કહ્યું તો પછી જ્યાં હો ત્યાં પડ્યા રહોને. મેં સુવિધા માંગી છે ક્યાંય ? અમે ક્યાંય સુવિધા માંગતા જ નથી. તમારું હૈયું જ્યાં ટાઢું થયું હશે ત્યાં તમને સુવિધા લાગશે જ ! આ અનુભવેલી વાત છે. સાદાઈમાં જ સુખ અને આનંદ રહેલા છે. હમણા સુખપરના આ શાંતિભાઈએ અમારા માટે ચેન લાવીને અમને પહેરાવી. ત્યારે મેં કહ્યું હું પહેરતો નથી. તમારી ચેન એ પ્રેમનું પ્રતિક જરૂર છે. કારણ કે સરવાળે મહારાજે સંતો-ભક્તો આપણને સૌને હેત અને લાગણીના તાંતણાથી અરસ પરસ બાંધ્યા છે એ ઈતિહાસ આપણે જાળવી રાખવાનો છે. અને આપણે સૌએ એ કાર્ય આગળ ધપાવવાનું છે.

હમણાં હું કોઈ પ્રકારની જાણ કર્યા વિના જ ડ્રાઈવરને લઈને ઝભ્ભો અને ધોતીના સાદા ડ્રેસમાં જ કંથારીયા અને સમલા નામના ગામમાં પહોંચી ગયો. હરિભક્તોની વચ્ચે બન્ને ગામમાં પોણો પોણો કલાક બેઠો. ત્યારે તેઓને પણ આનંદ થયો કે આ તો આપણા જેવા જ છે. અગાઉ જાણ કરીએ તો તેઓ આગતા સ્વાગતા માટે કેટલી મહેનત કરે અને ટેન્શન રાખે. વડીલો પાસેથી ઈતિહાસ જાણવાની મને પણ મઝા પડી. કંથારીયા પ્રસાદીનું ગામ છે. ત્યાં ભૂકંપ થયો ત્યારે બે માળની હવેલી ઘાટનું મંદિર જર્જરીત થયેલું. હરિભક્તોની ચિંતાને દૂર કરવા મેં કહ્યું આપણે ગમે તેમ કરીને પણ મંદિર ઉભું કરી દઈશું. મહારાજે આપેલો ઈતિહાસ હું ખોવા નહી દઉં. **સમલા ગામમાં એક હરિભક્ત બાપુના ઘેર વાસુદેવપ્રસાદજી મહારાજ ચાર વર્ષના હતા ત્યારે છ મહિના રોકાયેલા. કેટલો વિશ્વાસ હશે એ હરિભક્ત ઉપર અમારા આ પરિવારને !**

આ હેત વાળો હરિભક્ત પ્રતિક આવ્યો. આવ ભઈલા આવ. અમારો નાની બગીચો છે એની પાછળ એક મઢી બનાવી છે. આ પ્રતિકે ખૂબ મહેનત કરી છે. તારું મૂળ ગામ ક્યું ? 'જૂના સાવર' અમરેલી જીલ્લો ને ? હાં બોલો, દેશ લાગે છે ક્યાંય ? છતાં હેત લાગે છે ને ! મને વિસ્તારની ખબર હતી પરંતુ ઘસારો નહી. બહુ ઘસારામાં હું માનતો પણ નથી. મઢુલીમાં લીંપણ કર્યું છે અને ઉપર ઘાસના પૂળા નાંખ્યા છે. બહુ ઊંચું ઉડવું એના કરતા જમીન પર રહીએ તો સારું જેથી કોઈ હાથ ઝાલીને હેઠા ન ઉતારે. **ભોંય પર રહેવું ગમે છે પરંતુ સરવાળે દેવના થઈને રહીશું.**

લાલજી મહારાજના જન્મ દિવસે હું તેમની સાથે નહી હોઉં. કારણ કે તેઓ યુ.એસ. અને યુ.કે. જશે મેં કે મારા પરિવારજનોને તેમની ચિંતા ક્યારેય કરી નથી અને આજે પણ નથી. સત્સંગના વિશાળ પરિવાર માટે તેઓ હંમેશા રહ્યા છે અને રહેશે. બાકી તમારા ઘરનો કોઈ પ્રસંગ હોય કે દીકરાનો જન્મ દિવસ હોય તો તમે ઘરની બહાર નીકળી શકો છો ? હું તો સાંભળતો આવ્યો છું. Sorry મારાથી આજે નહીં નીકળાય. આજે તો આમ છે ને આજે તો Anniversary (લગ્ન તિથિનો વાર્ષિક ઉત્સવ) છે ! અમારે પી.પી. સ્વામી તો ઘણીવાર કહે, Anniversary વળી શું ? શેના ઉજવે ? હું કહું, ઉજવવા દો ને ! સુખેથી રહેવા દો ને લોકોને ! પણ લાલજી મહારાજનો જન્મ દિવસ એ કોઈ વ્યક્તિગત જન્મ દિવસ નથી દેવના પ્રાંગણમાં ઉજવાય છે એટલે દેવના આશીર્વાદનો મોકો છે. દેવને પ્રાર્થના કરીએ હા, દેવનું લોહી છે એટલે દેવ બળ આપે જ છે. હજુ વિશેષ બળ આપે.

એક વાત યાદ આવી. મોટા બાપજી નીકળી ગયા. નહીં તો હમણાં પ્રત્યક્ષ કરાવી દેત તમને. મોટા બાપજી એક દિવસ એક મૂર્તિ લઈને દેવેન્દ્રપ્રસાદજી દાદા પાસે ગયા. કહે, આ મૂર્તિ પ્રસાદીની કરી આપોને ! દેવેન્દ્રપ્રસાદજી દાદા ખીજાયા નીકળો. બહાર નીકળો અહીંથી ! **તમે મૂર્તિ પ્રસાદીની કરાવડાવવા આવ્યા છો? તમારામાં કોનું લોહી છે ખબર છે તમને ?** ના માનતા હોય તો બાપજીની પૂછી લેજો. હકીકત છે આ. **આજે જેને આ દેવના આશ્રયની અને સાંનિધ્યની ખુમારી હોય તેને જીવનમાં એનાથી વધારે બીજી કોઈ પ્રાપ્તિ નથી.**

**એ ખુમારી મારામાં છે. કોઈને સારું લાગે કે ખરાબ લાગે પરંતુ આ દેવના આશ્રયની ખુમારી મારામાં છે, છે ને છે ! હું દેવનો છું અને જીવીશ ત્યાં સુધી દેવનો થઈને રહીશ. મારો એક એક શ્વાસ દેવ માટે છે. મારું અને તમારું પણ અસ્તિત્વ દેવ થકી છે. એક સુકું પાંદડું પણ આપણે નથી હલાવી શકતા. દેવની ઈચ્છા વિના સુકું પાંદડું પણ હલતું નથી. આ આપણે રોજ ગાઈએ છીએ પરંતુ ક્યાંક ક્યાંક આ વાત ભૂલી જઈએ છીએ. ગુરુ પૂર્ણિમા નિમિત્તે આપણે બધા આજે ભેગા થયા. બાકી હું ઘણીવાર જાહેરમાં કહું છું કે મારે કોઈ શિષ્ય નથી મારા માટે જે છે તે આ (નરનારાયણદેવ) છે. આ સર્વેના ગુરુ છે, સર્વ કર્તા હર્તા છે, સર્વે કારણના કારણ છે. આ દેવનો ઉંબરો, આ દેવનું પ્રાંગણ ક્યારેય મૂકાય નહી તેમાં બધું આવી ગયું છે.**

દેવના પ્રાંગણમાં ઉભા રહેવાની તક મળી છે અને તમે પાછળ ઉભા રહીને ક્યારના તપ કરો છો એ હું ભૂલીશ નહી. બહેનોને પણ કેમ ભૂલાય ? ગાદીવાળાની સાથે રહીને ઘણા બહેનો ગામડે ગામડે સભાઓ કરે છે. વળી તમે જાણતા જ હશે કે આપણા મંદિરની બાજુમાં શરૂ થયેલા આંગન (અનાથાશ્રમ) માં ગાદીવાળાના નેજા હેઠળ કેટલાક બહેનો બાળકોની સેવા કરવાની સંપૂર્ણ જવાબદારી નિભાવે છે. એ બાળકોને સંસ્કાર એ બહેનો દ્વારા જ મળવાના છે એ ભૂલી શકાય નહીં. ખૂબ ખૂબ ધન્યવાદ, અભિનંદન. આપ સૌનું મહારાજ ખૂબ મંગળ કરે. દીકરા-દીકરીઓ ખૂબ સુખી થાય. તમે દેવના છો અને દીકરા-દીકરીઓ દેવના થઈને રહે. મહારાજ સૌનું ખૂબ ભલું કરે. સૌ ભેગા રહો અને મજા કરો એ જ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

(પેઈજ નં. ૯ નું)

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૬)

**ખંડિતચંડ પંડિતમંડ જિતપાખંડ દંડભટમ્ ॥ કંપિતકાલ વૃષકુલપાલ વરવનમાલપીતપટમ્ ॥ જય જય.. ॥૭॥**

પોતાના ભકતોને ઉપદેશ આપતી વખતે નાસ્તિક એવા ચાર્વાક અને વામમાર્ગીઓના મતનું ખંડન કર્યું છે. સત્યવાદી પંડિતોનું માન કરે છે. જગતમા પાખંડ ફેલાવનારાને જીતી લીધા છે. અપરાધ કરનારાને દંડ આપવામાં કુશળ છે. જેની દ્રષ્ટિ માત્રથી કાળ માયા કંપી ઉઠે છે. જે ધર્મદેવના કુળના વંશનું ભરણ પોષણ કરે છે. જેમના કંઠમાં સુન્દર સુગન્ધીવાળા પુષ્પોની માળા હાર ધારણ કરેલા છે. જેઓ સદા પીળા રેશમી વસ્ત્રને ધારણ કરે છે. જેમનો આશ્રય કરવાથી જીવનો જગતમાં સર્વત્ર જય જયકાર થાય છે.સમગ્ર જગતને જ્ઞાન રૂપી દિવ્ય પ્રકાશ આપનારા છે. દિવ્યતાના અધિપતિ છે દીન અને પામર જનો ઉપર અતિ કરૂણામય દયા કરે છે એવા મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વત્ર જય જય કાર થાય છે. (૮)

**શ્રિતસુખકંદં બોધિતમંદં સહજાનન્દ સ્વાધિભજે । કુરૂ તવ દાસ ચરણનિવાસં યાકુવાસં યોગમુનિ ॥ જય જય... ॥૦૮॥**

જેમના ચરિત્રો ગુણગાન લીલાઓ સાંભળનારા પોતાના આશ્રિતોને સદા મહાસુખ આપે છે. મંદબુદ્ધિવાળા અજ્ઞાની જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે છે. ભકતોને સહજમાં સરળતાથી આનન્દ આપે છે તે સહજાનન્દ સ્વામી છો એવા આપને હું યોગાનન્દ મુનિ અતિ ભાવથી ભજુ છું. મારામાં રહેલી બધા પ્રકારની કુવાસનાને છોડાવીને તમારા દાસ કરીને તમારા ચરણારવિન્દમાં સ્થાન આપો એવી મારી પ્રાર્થના છે. (૮)

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫

● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....




અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો ગાદીભિષેક ૧૭ વર્ષની ઉંમરે થયો હતો અને તેઓએ ૪૨ વર્ષ સુધી આચાર્યપદ શોભાવીને સત્સંગનો ઘણો ઉત્કર્ષ કર્યો.

તે વખતે ઉત્સવ સમૈયામાં, પધરામણી વખતે, શોભાયાત્રામાં આચાર્યશ્રીની સવારીના દર્શન થવા તે પણ એક અદ્ભુત લ્હાવો હતો. તેઓશ્રી હાથી-ઘોડા કે રથ વાહનમાં બિરાજમાન હોય, સંગે સંતો-મહંતોના વૃંદ હોય, હજારો હરિભક્તો બે હાથ જોડીને નતમસ્તક ઉભા હોય, બડકમદાર શસ્ત્રધારી પાર્ષદો હારબંધ ઉભા હોય, હાથી ઘોડા ઉપર નોબતો વાગતી હોય, ઉત્સવીયા ઝાંઝ મૃદંગ લઈને ઓચ્છવ કરતા હોય, નારીવૃંદ સત્સંગ મર્યાદામાં રહીને મંગલ કીર્તનો ગાતી હોય, ભૂદેવો સ્વસ્તિ વચનો ઉચ્ચારતા હોય, હરિજન માત્ર દિવ્યાનંદમાં રાચતા હોય, અતિ સમર્થ સંતોના હસ્તમાં માળા અને અર્ધબીડ્યા નેણ આ બધાં દર્શન કરીને જ જીવને સમાધિ થઈ જતી.

આવી અસવારીમાં જે તે સમયે પાર્ષદોનો એક વિશિષ્ટ મોભ્ભો હતો.

સેવા કરવી સદા શિર સાટે, નિજ જીવના કલ્યાણ માટે

પધરામણીમાં સાથે જાવું, નીચું જોઈને નિષ્કામી થાવું.
શસ્ત્રધારી થાવું શૂરવીર, ખરે વખતે ખોવું નહી નીર.

(હરિલીલામૃત કડવું-૯, વિશ્રામ-૧૨)

આચાર્યશ્રીના પાર્ષદોની વિશિષ્ટ ઓળખ માટે તેમને ચાંદીના બિલ્લા અપાતા. અંગ્રેજ મેજીસ્ટ્રેટ પણ તેને પોતાનું સમર્થન આપતા. અને તે અંગેના વિશિષ્ટ હુકમ નંબરની સાથે આપતા.

આ ઈતિહાસની ઝાંખી કરાવતા અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પાર્ષદોના બિલ્લા તેની મૂળ સ્થિતિમાં ધર્મવંશી આચાર્યશ્રીની પરંપરામાં જળવાઈ રહ્યા છે તે પૂ. મોટા મહારાજશ્રીએ હરિભક્તોના દર્શનાર્થે મ્યુઝિયમમાં પધરાવ્યા છે.

સંપ્રદાયમાં પાર્ષદો હોય કે હથિયારો હોય, કશું જ રાજના ધણીની આજ્ઞા વિનાનું ન હતું. રાજના નિયમોનું સંપૂર્ણ પાલન કરવાનું આ ધર્મના પાયામાં છે. અને રાજસત્તા પણ આ વિવેકને ધ્યાનમાં લઈને આ મૂળ સંપ્રદાયને ઘણી બધી સહાય પૂરી પાડતી.

આ ઈતિહાસ જોઈ-જાણી અને દર્શન કરવાથી જે તે વખતના સત્સંગનો, તેની માન-મર્યાદા, મોભા મતરબાનો ખ્યાલ આવશે અને ધર્મવંશી આચાર્યશ્રી તથા તેમના સંતો-પાર્ષદોનો પણ મહિમા સમજાશે.

આ બિલ્લાઓના દર્શન સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં.૧૧ માં થાય છે. સૌ હરિભક્તો હેત પ્રેમથી તેના દર્શન કરજ્યો.

-પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાવિષ્ણુયાગના યજમાનની યાદી જુલાઈ-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૭-૦૭-૨૦૧૯ | રમેશભાઈ જી. કાછડીયા - બાપુનગર - હ. જ્યોતિબેન તથા જતીન તથા દર્શન તથા પુત્રવધુ નિલમબેન. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જુલાઈ-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૭-૦૭-૨૦૧૯ | દેવીનાબેન ભરતભાઈ જાદવા - બોલ્ટન (યુ.કે.) |
| | (બપોરે) વસંતીબેન પી. પટેલ - મણીનગર - હ. અનીષાબેન તથા ખુશ |
| તા. ૧૧-૦૭-૨૦૧૯ | ભરતભાઈ શંભુભાઈ હિરપરા - વડોદરા |
| તા. ૧૪-૦૭-૨૦૧૯ | રમણભાઈ ચતુરભાઈ પટેલ - સાબરમતી |
| | (બપોરે) કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર - કાલુપુર |
| તા. ૨૧-૦૭-૨૦૧૯ | ધીરજભાઈ લાભુભાઈ પટેલ - કલ્યાણપુરાવાળા - મેમનગર |
| | (બપોરે) જૈમીન પ્રફુલભાઈ ઠક્કર - વસ્ત્રાપુર (નરનારાયણ ફાર્મસી) |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ જુલાઈ-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૨૬,૬૦૦/- | સાં.યો. સુંદરબા ગુરુ સાં.યો. રતનબા - હ. સાં.યો. ચંપાબા તથા સાં.યો. ભારતીબા |
| રૂા. ૫,૧૦૦/- | ક્ષમાબેન (ભાલજા સાહેબ મંડળ) - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | ભગવતભાઈ એફ. શાહ - ગાંધીનગર - પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | જયેન્દ્રભાઈ સોની - પલીયડવાળા - રાણીપ જન્મ દિન નિમિત્તે |
| રૂા. ૫,૦૦૦/- | સાં.યો. બબુબા તથા મહિલા મંડળ - સ્વામિનારાયણ મંદિર કાલીયાણા - ગુરુ પૂજન નિમિત્તે |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

**ભગવાનને રાજી કરવા માટે**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ચાતુર્માસ શરૂ થાય એટલે જાણે કે વિશેષ ભજન-ભક્તિની સિઝન શરૂ થઈ. મંદિરોમાં પણ હિંડોળા મહોત્સવ અને શ્રાવણ માસમાં શિવજીની પૂજા તથા કથા-વાર્તાનાં વિશેષ આયોજનો ગોઠવાય. ભક્તો ઉત્સાહથી કથાશ્રવણ કરવા માટે જાય. મિત્રો ! તમને ખબર છે ? સ્વામિનારાયણ ભગવાનને કથા સાંભળવાનું બહુજ ગમતું. એટલે જ તો ચાતુર્માસના વિશેષ નિયમોમાં મહારાજને પ્રિય એવા આઠ નિયમોમાં સૌથી પહેલું નિયમ ''વિષ્ણો કથાયાઃ શ્રવણં'' ભગવાનની કથા સાંભળવી એ છે. તો મિત્રો ! ચાલો આજે આપણે કથા શ્રવણનો જ એક પ્રસંગ વાંચીએ.

ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન ભક્તોને દર્શનનું સુખ આપવા માટે કચ્છ-ભૂજ પધાર્યા હતા. ત્યાંથી વિવિધ ગામોમાં વિચરણ કરતા કરતા માનકૂવા ગામ થઈ રામપુરા ગામ પધાર્યા. પ્રભુ ત્યાં એક ભાવિક ભક્તને ઘેર એક દિવસ રોકાયા. પછી રામપુરાથી પશ્ચિમ દિશામાં રૂકમાવતી નામે નદી વહે છે. ત્યાં પ્રભુ પધાર્યા. એ સ્થળ મહારાજને બહુ ગમી ગયું. નદીનો કિનારો, ચારે બાજુ વૃક્ષ વનરાજીની શોભા, નદીના ખળખળ વહેતાં જળનું મધુરૂં સંગીત સંભળાયા કરે, નદીના કિનારે એક ગોમુખમાંથી પાણી વહ્યાં કરે છે. અને નીચે શિવલીંગ ઉપર અખંડ જળધારા ચાલું.

રૂકમાવતી નદીના કિનારે આજુબાજુ જંગલ, શાંત વાતાવરણ, વૃક્ષ અને વનરાજીથી શોભતા આ રૂકમાવતી નદીના કિનારે મહારાજ પંદર દિવસ રોકાયા. મહારાજની સાથે પ્રાગજી પુરાણી પણ હતા. મહારાજે પુરાણીને કહ્યું, ''પુરાણી ! આપણે અહીં કંઈક કામ કરીએ. મહારાજ ! અહીં જંગલમાં શું કામ થાય ? અરે પુરાણીજી ! જંગલમાં જે કામ થાય એ શહેરમાંય ન થાય. સારૂં મહારાજ કરો આજ્ઞા. જુઓ પુરાણીજી ! આ રૂકમાવતી નદીનો સુંદર કિનારો છે. ગોમુખમાંથી સુંદર નિર્મળ પાણી મહાદેવજી ઉપર પડ્યા કરે છે. આજુબાજુમાં સુંદર શાંત વાતાવરણ છે. તો અહીં ભાગવત સપ્તાહ કરો. મહારાજ ! અહીં ભાગવત સપ્તાહ ! કોણ સાંભળવા આવશે ? મહારાજ કહે છે, પુરાણી કોણ એટલે ? અમે, બીજા કોણ ? પુરાણીજીએ મહારાજની આજ્ઞા થઈ એટલે ભાગવત કથા વાંચવાની શરૂઆત કરી. પછી તો ખબર પડી એટલે રામપુરાના ભક્તો પણ ત્યાં કથામાં આવવા લાગ્યા. જય જયકાર થવા લાગ્યો. વક્તા પ્રાગજી પુરાણી, મુખ્ય શ્રોતા શ્રીજી મહારાજ અને ગામના હરિભક્તો. એવો તો આનંદ આવે, ન પૂછો વાત. શ્રોતાઓને તો આનંદ આવે જ પરંતુ પુરાણીજી કહે છે, મહારાજને અહીં કથા વાંચું છું એમાં ખૂબ આનંદ આવે છે. કથામાં આનંદ આવવાનું એક કારણ શ્રીહરિનું સાંનિધ્ય અને બીજું કથા વાંચવી કે સાંભળવી એ આધ્યાત્મિક ક્રિયા છે. લૌકિક નથી. ઘણીવાર કથાને, પારાયણોને માણસો લૌકિક બનાવી દે છે. વાહ ... વાહ... થાય એટલે બસ. કથામાં શાંતિ જ નહીં. ચાલું સભામાં માન-સન્માન થાય, સત્કાર થાય. એવી વાહ વાહ.... થાય સભા તો ક્યાંય ચાલી જાય.

ભાગવત એ પરમહંસ સંહિતા છે. શાસ્ત્ર એ આપણા મનના મેલ ધોવા માટે છે. કથા અને પારાયણ આત્માને બળવાન બનાવવા માટે છે. વાહ.... વાહ.... કરવા માટે નથી. સન્માન-સત્કાર કરવા માટે એક માહોલ ઉભો કરવા આપણે શાસ્ત્રને નિમિત્ત બનાવી દઈએ છીએ. જે દવા પીવાની હતી એ શરીરે ચોળવા માંડ્યા. એના જેવું થાય છે. શાસ્ત્રોનાં રહસ્યો અંદર ઉતારવાનાં હતાં એને આપણે ઉપર છલ્લાં બનાવી નાંખીએ એટલે એ ફળદાયી થતાં નથી. એ કાર્ય ફક્ત વાહ.... વાહ... પુરતું જ પતી જાય છે.

જ્યારે કથા-પારાયણનું આયોજન થાય ત્યારે એનો હેતુ વિચારવો પડે. કે આ કથા શાંતિ માટે છે, કાંક સત્સંગનું બળ વધે. જીવનમાં ક્યાં ક્યાં ભૂલો થાય છે કે નથી થતી કે ઓછી થાય છે એ બધો હિસાબ કરવા માટે છે. કથા આપણને આ બધું શીખવાડે છે. કથા એ કેવળ કંઈ મનોરંજનનું માધ્યમ નથી. કથા તો ભક્ત જીવનનું દર્પણ છે.

સાત દિવસની સપ્તાહ પુરાણીજીએ વાંચી. પુરાણીજીને કથા વાંચતાં મહારાજની મૂર્તિ સિવાય બીજે મન જાય જ નહી. સહુ કોઈને અદ્‌ભુત શાંતિ અને આનંદની પ્રાપ્તિ થઈ.

છેલ્લા દિવસે મહારાજ કહે છે, પુરાણીજી ! દક્ષિણા તો નથી. શું કરીશું ? આ રૂકમાવતી નદીના કિનારે તમને દક્ષિણા શું આપવી ? પુરાણી કહે છે, મહારાજ ! દક્ષિણાની શી જરૂર છે. તમે રાજી થયા એજ દક્ષિણા. પુરાણીજી ! એમ ન ચાલે. કોઈ પણ કાર્યની સમાપ્તિ વખતે દક્ષિણાતો આપવી જ જોઈએ. અને એ જ વખતે ભગવાન પાસે કચ્છના થોડા ભક્તો આવ્યા. અને મહારાજને વંદન કરી ભેટો મુકી. એ ભેટો શ્રીજી મહારાજે પુરાણીને આપી દીધી. લ્યો લ્યો સ્વીકારો. આ તો સદ્‌ભાવની ભેટ છે. આમ, રામપુરાની બાજુમાં રૂકમાવતી નદીના કિનારે મોટો ઉત્સવ થઈ ગયો. જય જયકાર થઈ ગયો.

મિત્રો ! વાંચ્યું ને ? તો કથા સાંભળવી એ બહુ સરસ વાત છે. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પણ આપણા ઉપદેશ માટે વારે વારે કથા સાંભળતા. તો તમે પણ કથા સાંભળશોને ? આ ચાતુર્માસમાં તમારા ગામના મંદિરમાં જઈને કથા સાંભળીને અને કોઈ વાંચનાર ન હોય તો તમે મંદિરમાં જઈને કથા વાંચજો અને બીજા ભક્તોને સંભળાવજો તો મહારાજ તમારી ઉપર રાજી થશે.

વળી અત્યારે વચનામૃત દ્વિશતાબ્દીનું વર્ષ ચાલે છે. એટલે વચનામૃત વાંચવાનું પણ ભૂલતા નહિ. તમે વાંચજો. સાંભળજો. અને બીજા ભક્તોને વાંચવા માટે પ્રેરણા કરશો તો આપણા ઈષ્ટદેવ શ્રીહરિ ખૂબ રાજી થશે.

●

## શ્રધ્ધાની વાત જ અનોખી

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

બાળ મિત્રો ! હમણાં જ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી પસાર થયો. આપણે કેવા ભાગ્યશાળી છીએ કે આપણને ગુરુ ગોતવા નથી પડ્યા, સ્વામિનારાયણ ભગવાને સ્વયં ધર્મવંશી ગુરુ આપ્યા છે. તો ચાલો આપણે ગુરુ પ્રત્યે શિષ્યની શ્રધ્ધા કેવી હોય તેના વિશે વાત કરીએ. જીવનમાં શ્રધ્ધા છે તે બહુ અમૂલ્ય છે. શ્રધ્ધા વિનાના માણસને કાંઈ પ્રાપ્તિ થતી નથી. તેથી જ કહ્યું છે કે - ''શ્રધ્ધાવાન લભતે જ્ઞાનં'' શાસ્ત્રમાં, ભગવાનના સ્વરૂપમાં અને ગુરૂના વચનમાં જેને શ્રધ્ધા હોય તેનું કામ થઈ જાય છે. આજની આ વાત આપણને શ્રધ્ધા શું કામ કરે છે તે જાણવામાં ખૂબ ઉપયોગી બને એવી છે.

આ એવા જમાનાની વાત છે કે જ્યારે જિજ્ઞાશું, મુમુક્ષુ, જ્ઞાન મેળવવાની ઈચ્છાવાળા વ્યક્તિને સાચા ગુરૂની શોધ કરવી પડતી. ગુરૂની પ્રાપ્તિ થયા પછી તેમની સેવા કરી તેમને રાજી કરે પછી ગુરૂ દ્વારા થતી કસોટીમાથી પાર ઉતરે પછી ગુરૂ રાજી થઈને શિષ્યને જ્ઞાન આપતા.

કોઈ એક ગામમાં એક ધનવાન શેઠ ખૂબ પ્રતિષ્ઠિત વેપારી હતા. તેમનો એકનો એક પુત્ર, તેને ખૂબ લાડકોડથી ઉછેરી મોટો કર્યો. કોણ જાણે કેમ પણ આ શેઠના પુત્રને વેદ-વેદાંતના જ્ઞાનની પ્રાપ્તિ કરવાની તીવ્ર ઈચ્છા થઈ. તેણે આ વાત પિતાને કરી. ચારે બાજુ તપાસ ચાલુ થઈ. અને એવા સાચા ગુરૂની જાણકારી પ્રાપ્ત થઈ. શેઠે બહુ રાજીપા સાથે પુત્રને ગુરૂ પાસે રહી જ્ઞાન પ્રાપ્ત કરવાની અનુમતી આપી.

આ યુવાને ગુરૂ પાસે આવી વિનયપૂર્વક નમસ્કાર કર્યા અને આવવાનું કારણ જણાવી પોતાનો પરિચય આપ્યો. પોતાની પાસે જ્ઞાનની ઈચ્છાએ આવનાર આ યુવાનની શ્રધ્ધા કેવી છે, જીજ્ઞાસા કેવી છે તેની કસોટી કરવા માટે ગુરૂએ તીર્થયાત્રા કરવાનું અને તેમાં આ શિષ્યને સાથે લેવાનું નક્કી કર્યું. ઉંચા પહાડો પર, ઊંડી ખીણોમાં ભયંકર ધનઘોર જંગલોમાં આ શિષ્ય ગુરૂની સાથે ખૂબજ આનંદથી ફરે. ભૂખ-તરસ લાગી હોય છતાં સુખમાં

ઉછરેલો એવો આ યુવાન પુરી શ્રધ્ધાથી ગુરૂની સેવા ચાકરી પણ પુરા આનંદથી અને ઉત્સાહથી કરતો. પોતે ભિક્ષા માંગી લાવે. પ્રથમ ગુરૂને જમાડે પછી જે પ્રસાદ વધ્યો હોય તે પોતે સ્વીકારે. ઘણીવાર ગુરૂ ગરમ થઈ જાય, કાંઈક તિરસ્કાર કરી નાંખે છતાં પણ ગુરૂની પ્રત્યેનો અપ્રતિમ સ્નેહ તેમાં જરા પણ ઓટ ન આવે. દિનપ્રતિદિન ગુરૂમાં સ્નેહ અને શ્રધ્ધાની વૃધ્ધિ આ શિષ્યમાં ગુરૂને જણાવા લાગી.

એક દિવસે ગુરૂ - શિષ્ય ઘણું ચાલ્યા. પછી ક્યાંક વૃક્ષની છાયા આવી ત્યાં બંને જણા આરામ કરવા માટે રોકાયા. જેવા પડ્યા કે થાકના કારણે શિષ્યને ઊંઘ આવી ગઈ. ત્યાં એક બનાવ બન્યો. ગુરૂનું ધ્યાન ગયું કે એક કાળો નાગ ઝેરી ફુંફાડા મારતો જ્યાં આ શિષ્ય સૂતો છે એ દિશામાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે. ગુરૂએ આ દ્રશ્ય જોયું તેથી ગભરાયા તો ખરા પણ તેઓ જડીબુટ્ટીના જાણકાર અને જ્ઞાની હતા. તેથી જેવો મંત્ર બોલ્યા કે નાગની ગતિ અટકી ગઈ. તે સ્થિર થઈ ગયો. પોતાની ગતિ અટકતા નાગ વધુ ક્રોધિત થઈ ગયો. ગુરૂ બીજો મંત્ર બોલ્યા કે આ નાગને વાચા આવી. તે પોતે અહીં કેમ આવ્યો છે તેનું કારણ કહેવા લાગ્યો.

હે મહાત્માજી ! આ સૂતો છે તે મારો ગત જન્મનો શત્રુ છે. હું ઘણા દિવસોથી તેને શોધું છું પણ આજે મળ્યો છે. મારે તેના ગળાનું લોહી પીને મારા વેરની વસુલાત કરવી છે. મને ગતિ કરવા દો. અને મારૂં કામ પણ. ગુરૂના મનમાં વિચાર આવે છે. જો આ નાગને તેની ઈચ્છા પ્રમાણે કરવા દઉં તો આ નવયુવાન કે જેણે વિદ્યા પ્રાપ્તિ માટે કેટકેટલું સહન કર્યું છે. આ આવા સ્થળોએ મારી સાથે પુરા પ્રેમ અને શ્રધ્ધાથી ફરે છે. તેનું એક જ ક્ષણમાં મૃત્યુ થઈ જશે. જો આમ થશે તો હું કેવી રીતે મને માફ કરી શકીશ ?

મહાત્માજીએ નાગને કહ્યું - તારે તો લોહી જ ચૂસવું છે ને તો મારૂં ચૂસી લે. હું તૈયાર છું. પણ નાગ તૈયાર ન થયો. ગુરૂ હવે નાગને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. હે નાગરાજ! તમે જે વિચાર સાથે અહીં આવ્યા છો તે યોગ્ય નથી. વેરની પરંપરા જાળવી રાખવાથી શાંતિનો નાશ થાય છે. વળી ગુરૂ સેવા દ્વારા આ યુવાનનું અંતઃકરણ શુધ્ધ થયેલું છે. તમે જો તેને ક્ષમા આપો તો તે જ્ઞાન પ્રાપ્તિ કરી મુક્ત બની જશે. ને તેને ક્ષમા આપવા બદલ તમને અક્ષય પુણ્યની પ્રાપ્તિ થશે. આવા પુણ્ય પ્રતાપી મહાત્માએ આટઆટલું સમજાવ્યો પણ નાગ એકનો બે ન થયો.

એટલામાં જેમ અંધારામાં વિજળીનો ઝબકારો થાય તેમ ગુરૂના મનમાં એક યુક્તિ ઝબકી. તેમણે નાગને કહ્યું, હે નાગરાજ ! તમારે એના ગળાનું લોહી જ પીવું છે ને ? હા, તો તમે અહીં જ સ્થિર રહો. હું તમને તેના ગળામાથી લોહી કાઢી આપું. છેવટે નાગ આ વાત સાથે સંમત થયો. ગુરૂએ પોતાની ઝોળીમાંથી ધારદાર ચપ્પું કાઢ્યું. વૃક્ષના પાંદડાનો પડીયો બનાવ્યો. નિંદ્રાવશ થયેલા આ શિષ્યના ગળા પર ધીરેથી ધારદાર ચપ્પાનો ઘસરકો કર્યો. આ શિષ્યે જોઈ લીધું કે પોતાના ગુરૂ જ છે. તેથી આંખો મીંચી સ્થિર પડી રહ્યો. ગુરૂએ પડીયામાં લોહી લઈને નાગને આપી દીધું. અને ગમે એવી કોઈ ઔષધિ લગાવી કે ઘા રૂઝાઈ ગયો. નાગને લોહી પીવા મળી ગયું. તેના વેરની વસુલાત થઈ ગઈ તેથી ખૂશ થતો થતો ત્યાંથી ચાલ્યો ગયો.

થોડીવાર પછી આ ગુરૂ અને શિષ્ય બંને ત્યાંથી ચાલતા થયા. ગુરૂને એમ હતું કે શિષ્ય હમણાં કાંઈક પૂછશે પણ આ તો કાંઈ જ બોલતો જ નથી. છેવટે ગુરૂ અકળાયા અને પછી શિષ્યને પૂછવા લાગ્યા. હે શિષ્ય ! હું તારા ગળા પર ચપ્પું અડાડી ઘા કરૂં છું તેની ખબર હોવા છતાં તેં કેમ કોઈ પ્રતિકાર ન કર્યો અને કેમ સ્થિર રહી પડી રહ્યો ? શિષ્ય હવે જે ગુરૂને જવાબ આપે છે તે બહુ વિચારવા જેવો છે. હે ગુરૂદેવ ! મને એ શ્રધ્ધા છે કે ગુરૂના હાથે શિષ્યનું અહિત થતું જ નથી. આપનું જે કાંઈ પણ કાર્ય તે મારા હિત માટે, મારા કલ્યાણ માટે જ હશે તેમ વિચારી મેં આંખો બંધ કરી દીધી. અને સ્થિર પડી રહ્યો.

આ બનાવથી શિષ્યની આ સમજણથી ગુરૂ એકદમ રાજી થઈ ગયા. શિષ્યની શ્રધ્ધા, વિશ્વાસની ભાવના પર જાણે કે સોનાનો કળશ ચઢી ગયો. આ શિષ્ય જાણે કે શ્રધ્ધા, વિશ્વાસ અને ગુરૂ સેવાનું જાણે કે જીવતું જાગતું જંગમ મંદિર બની ગયો. બસ આટલી જ વાર અને આ ક્ષણે જ શિષ્યના હૃદયમાં જ્ઞાનનો સૂર્ય ઉદય પામી ગયો.

(પેઈજ નં. ૨૨ પર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "જીવનમાં સાવધાની એ મોટામાં મોટું 'કવચ' છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જ્યારે જીવનમાં સંકટ અને કઠિનાઈ આવતા હોય છે ત્યારે માણસ એમ વિચાર કરે છે કે નસીબ ખરાબ છે. પણ હંમેશા દરેક વખતે નસીબ ખરાબ હોય છે એવું હોતું નથી. **આપણી રાખેલી અસાવધાનીથી જીવનમાં સંકટો આવતા હોય છે. આપણી અસાવધાની એ જીવનમાં કરેલી મોટામાં મોટી ભૂલ છે.** જીવનમાં કોઈ કઠિનાઈ આવે ત્યારે આપણે વિવેકથી વિચારી શકતા નથી. ગભરાઈ જઈએ છીએ. ત્યારે **એવા સમયે શું કરવાનું ?** તો જેમ આપણે કોઈ નવા રસ્તા ઉપર જઈએ છીએ ત્યારે આપણને ખબર હોતી નથી કે આગળ જમીન કેવી છે. રસ્તો કેવો છે. તો ત્યાં એક પગે અડગ ઉભા રહીને બીજા પગની એડીથી પારખી લેવાનું કે આગળ રસ્તો કેવો છે. તો એ થઈ ગઈ **'સાવધાની'**. તો એવી રીતે જીવનમાં પણ ગમે ત્યારે સંકટ આવે તો તેનાથી ભાગવાનું નહિ આગળ જવું તો પડશે જ જવાનું જ છે અને એ જ આપણી પરીક્ષા છે. પણ શાંતિથી વિચારી લેવાનું કે **નીકળવાનો રસ્તો શું છે ?** સંકટ આવી જ ગયું છે તો તેમાંથી બહાર નીકળવું તો પડશે જ, ધ્યાન રાખવાનું છે કે ઉતાવળમાં અસાવધાની ના થઈ જાય. **વિચારોની સાવધાની એટલે ભવિષ્યનું 'આંકલન'** જેનાથી ભવિષ્યમાં જે આવી પડનારું સંકટ છે એની અસર ઓછી થઈ જાય છે. આપણે સુરક્ષિત થઈ જઈએ છીએ. **વર્તમાને સાવધાનીપૂર્વક વર્તવું તેને 'સુરક્ષા' કહેવાય છે.** આપણે ભવિષ્ય જોઈ શકવાના નથી માટે હું જે કરવા જાઉં છું તેનું પરિણામ શું આવશે તે બહુ શાંતિથી વિચારવાનું. સાવધાન રહેવાનું તેને સુરક્ષા કહેવાય છે. તેનાથી આપણા જીવનમાં આવતું જે સંકટ છે તેની સામે લડવા માટે જે પરિશ્રમ કરવો પડે છે તે અડધો થઈ જાય છે. જેમ આપણે કોઈ પર્વત પર ચઢાણ ચડતા ચડતા ઢાળ આવે તો એટલો રસ્તો સડસડાટ પૂરો થઈ જાય છે. તેમ જીવનમાં સાવધાની એ ઢાળરુપ સાબિત થાય છે. એટલે ભૂલથી પણ ઉતાવળ નહિ કરવાની.

જીવનમાં કોઈ પણ વ્યક્તિને જ્યારે કાંઈ સુઝતું નથી તો બીજાનું **'અનુકરણ'** કરવા લાગે છે. બધાને ખબર છે કે સ્કૂલમાં પરીક્ષા હોય છે તો જેને નથી આવડતું કાંઈ લખવાનું સુઝતું નથી તો બીજાની નકલ કરે છે અને પાસ થઈ જાય છે. પરંતુ જીવનની પરીક્ષામાં આવું હોતું નથી. સ્કૂલમાં વિદ્યાર્થી નકલ કરીને પાસ થઈ જાય છે. **તેનું કારણ શું હોય છે ?** તો દરેક વિદ્યાર્થીને જે પ્રશ્નપત્ર આપવામાં આવે છે તે બધા સરખા હોય છે. સમય મર્યાદા પણ સમાન હોય છે. પ્રશ્નના ક્રમાંક નંબર પણ સરખા હોય છે. બધાની પરિસ્થિતિ સમાન હોય છે. એટલે પૂછીને કે નકલ કરીને પણ પાસ થઈ જવાય છે. પરંતુ જીવનરુપી પરીક્ષામાં પ્રશ્નપત્રો બધાને જુદાં જુદાં આપવામાં આવે છે. પરિસ્થિતિ પણ જુદી જુદી હોય છે. સમય મર્યાદા પણ અલગ હોય છે. તો જીવનની પરીક્ષામાં બીજાનું **'અનુકરણ'** કરવાથી પાસ થવાતું નથી. ઘણી વખત એવું થાય છે કે અત્યારે મારી પરિસ્થિતિ ખરાબ છે. તેવી જ પહેલા બીજાની હતી તો પૂછીને એ રીતે કરું તો નીકળી જવાશે. પરંતુ એવી રીતે ૯૯% નીકળાતું નથી. **કેમ કે ?** સમય મર્યાદા વિવેક બુદ્ધિની વિચાર શક્તિ, પરિસ્થિતિ કાંઈક તો થોડું ઘણું તો જુદું પડી જ જાય છે. માટે જીવનમાં **પોતાના પ્રશ્નનો ઉત્તર તો પોતે જ શોધવો પડે છે.** અને જીવનમાં યુધ્ધ તો ચાલતું જ રહેવાનું છે. અને જાતે જ ઉકેલ લાવવો પડે. માટે પ્રયત્ન તો દરેક વ્યક્તિએ કરવો જ પડે છે. અને વિશ્વાસ રાખીને કરવો પડે છે. આપણે અસફળ કેમ થઈએ છીએ તો પ્રયત્ન અને પ્રયાસ છોડી દઈએ છીએ. આપણે જીવનની પરીક્ષામાં નાપાસ થઈએ છીએ તેનું **મોટામાં મોટું કારણ શું છે ?** તો આપણો પ્રયાસ નાનો હતો. ૧૦૦% પરિણામ મેળવવા માટે ૯૦% પ્રયાસ કરવાનો અને ૧૦% પ્રારબ્ધ ઉપર હોય છે.

કૂવામાંથી પાણી ખેંચવા માટેની રસ્સી કેટલી નરમ હોય છે તો પણ સમય જતા પથ્થર ઉપર કાપા પડી જાય છે. તેમ **સતત પરિશ્રમ ચાલુ રાખવાથી આપણે આપણા પ્રારબ્ધ પર કાપા પાડી શકવા માટે સક્ષમ થઈશું.** માટે પ્રયત્ન ક્યારેય નહિ છોડવાનો. આપણે કૂહાડીથી કોઈ વૃક્ષને કાપવાનો પ્રયત્ન કરીએ તો પહેલા પ્રયાસથી કપાઈ જતું નથી. બીજા-ત્રીજા ઘા દ્વારા નિશાન બને છે. અને છેલ્લા પ્રયાસથી કપાઈ જાય છે. તેવી રીતે કઠિનાઈને પાર કરવા સતત પ્રયત્ન કરવો પડે છે. સંકટનો સામનો કરવામાં આવું કરશું તો કામ થશે કે નહિ એમ નકારાત્મક નહિ વિચારવાનું. **આપણા વિચારો સકારાત્મક અને વિશાળ રાખવાના.** તો સમસ્યા થોડી નાની લાગશે. આપણી વિચારવાની શક્તિ નાની હશે તો સમસ્યાઓ મોટી લાગશે. **આજ્ઞા પ્રમાણે અને નિયમ પ્રમાણે આગળ વધવાનું. વિશ્વાસ અને નિશ્ચય પ્રયાસ અને પ્રયત્નને શક્તિશાળી બનાવે છે.**

જીવનમાં ખૂબ કસોટી થવાથી આગળ જતા જીવન સારુ અને સુખદાયી નીવડે છે. ગમે તેવી પરિસ્થિતિ હોય તો ખરાબ સમયમાં પણ કાંઈક તો સારું છુપાયેલું જ હોય છે. કાળા મેશ વાદળા હોય છે. ગર્જના ખૂબ થતી હોય છે. તો પણ **મેઘના કિનારે પણ એક સ્વર્ણિમ આભા હોય છે. એક પાતળી લાઈન હોય છે.** બહાર અત્યારે આટલી બધી ગરમી છે. તો કોઈને નથી ગમતી પણ બીજી રીતે વિચારીએ તો એ જ ગરમીથી સાગરનું પાણી બાષ્પીભવન થઈ વરાળરૂપે ઉપર જાય છે. એના લીધે સારો વરસાદ પડે છે તો પાછી ઠંડક મળે છે જે આપણને સુખ આપે છે. એમ ખરાબમાં પણ કાંઈક સારુ છુપાયેલું છે. એમ વિચારીએ તો જીવન જીવવાનું સહેલું થઈ જાય છે. જ્યારે પરિસ્થિતિ એવી છે કે છુટકો જ નથી. આપણા હાથની વાત નથી એવા સમયની વાત છે કે **બધું દુઃખ લઈને જીવવું કેવી રીતે ?** શું થવાનું છે એની આપણને ખબર નથી ત્યારે સમજી લેવાનું કે ભગવાનની મરજી આવી હશે. જે કરતા હશે એ બધું સારા માટે કરતા હશે. **કેમ કે ? જો એવું ન રાખીએ તો જીવન જીવવાનું કેવી રીતે ?** આપણી આ યાત્રા ક્યારે પુરી થશે તે આપણા હાથની વાત નથી. મનથી થાકી જાવ, શરીરથી થાકી જાવ, ગમે તેટલી ઉપાધિ થાય તો પણ આપણું આયુષ્ય છે તેને પુરુ કરવું પડશે. 'આત્મઘાત' કરવાની મહારાજે ના પાડી છે. આપણને એમ થાય કે ઉપરથી પડીએ ને પુરુ થઈ જાય. પણ એવું નથી ઉપરથી ઉપાધિ વધે છે. હાલતા ચાલતા મહારાજને યાદ કરવાના મહારાજ ઉપર શ્રધ્ધા રાખીને જીવન છે એ સહેલી રીતે જીવી લેવાનું.

●

**મોહ**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જેને અંતરની પ્રમાણિકતાથી સાધુ જ થવું છે. ભગવાનના સાચા ભક્ત જ થાવું છે તેને આડા ગઢ આવે છે. નાતીલા, સંગાસંબંધી, કુટુંબી, મા-બાપ, દેહ, ઈન્દ્રીયો, અંતઃકરણ એને સ્વભાવો આ બધા ભગવાન પાસે પહોંચવામાં આડા ગઢ છે. તે કોઈને ભગવાન ભજવા દે તેવા નથી. જીવ ભગવાન ભજે તે તેને ગમતું નથી. અર્થાત્ આ બધાં જ મોહના ઠેકાણા છે. સરહદની સેના કરતાં આ સૈન્ય અલગ પ્રકારનું છે. બહારના શત્રુઓ કરતાં આ શત્રુઓ અલગ પ્રકારના છે. તેને લડવાની પધ્ધતિ પણ અલગ પ્રકારની છે. આ બધા તો આપણા ઘરમાં ગરીને આપણું ખાય ને આપણા સામે લડવા વાળા છે. આપણા હિતેચ્છુ થઈને આપણા ખૂબજ વ્હાલાનું રૂપ ધરીને આપણું મોક્ષ કામ બગાડી દેનારા છે. ઘરના ધાતકી છે. મોહ પોતે એક છે. પણ તેના સૈનિકો અનેક છે. તે અલગ અલગ પદાર્થોના માધ્યમથી આપણી સામે આવે છે. જેમ કે કપડા, અરિસો, પોતાનું શરીર, સ્ત્રીને પુરુષમાં અને પુરુષને સ્ત્રીમાં, પોતાનું કાર્ય તેમાં જીવને મોહ થાય છે. તે છે તો જીવનાં ધાતક છતાં પણ ઘણાં સુંવાળા લાગે છે. તેને કોઈ રીતે છોડવાનું મન થતું નથી. ભલે ને તે જીવનું ગમે તેટલું બગાડે તો પણ છોડવાનું મન થતું નથી.

આણંદજીભાઈ સંઘાડિયાને મહારાજે મોહનું રૂપ કહ્યું જે, ''રક્તકૃત સદા પૂતં'' એ મોહનું રૂપ છે. પોતાનો અવગુણ ન સૂજે પોતાના કાર્યમાં ભૂલ કે ખામી ન દેખાવી, પોતાનો છોકરો આંટાલુસ હોય તોય ભોળિયો જ દેખાય, પોતાની ઘરવાળી ભલેને કાલિકા કે ચંડિકા (બાજકણી) હોય તોય, એને સારી જ લાગે. આ બધો મોહ છે.

આ જીવને મોટા માણસોની ભૂલો દેખાય, ક્યારેક તો ન હોય તોય દેખાયા જ કરે. ને પોતાની મોટી ભૂલો હોય તોય ન દેખાય એને જ મોહ કહેવાય. મોહ એક માનસિક

રોગ છે. માનસિક રોગ અને શારીરિક રોગમાં તફાવત છે. બંનેની સારવાર પણ અલગ અલગ હોય છે. તેમાં મોટો તફાવત એ છે કે માનસિક રોગ જેને થાય તે પોતે પોતાનો એ રોગનો રોગી ન માગે, અને બીજાને સામાને અથવા અડખે પડખે ના ને તે જાતનો રોગી દેખે. એ તેની વિશિષ્ટતા છે. ગાંડો માણસ પોતાને ગાંડો માને નહિ કે હું ગાંડો છું કારણ કે ગાંડપણ એ માનસિક રોગ છે. તે તો ખુદ ડૉકટરને કે સારવાર કરવા વાળાને ગાંડા જ માને છે. પોતે ડાહ્યો અને તંદુરસ્ત માને છે. તેમ મોહ પણ માનસિક રોગ છે. મોહિત વ્યક્તિને પોતાની ભૂલ દેખાતી જ નથી. બીજાનીજ ભૂલ દેખાય છે. એવું થાય ત્યારે મોહ વ્યાપ્યો છે એમ માનવું. મોહની એક બીજી વિશિષ્ટતા એ હોય છે કે તે જલદી નાશ થતો નથી. તેને નાશ કરવો ઘણોજ કઠિન છે. **''મરે પણ મોરચો નવ ત્યાગે''**

રામાયણમાં રાવણને મૂર્તિમાન મોહનું રૂપ ગણવામાં આવેલ છે. રાવણમાં ને મોહમાં સરખાપણું ઘણુંજ છે. રાવણ જ્યારે રામ ભગવાન સામે યુધ્ધના મેદાનમાં લડવા આવ્યો ત્યારે લડાઈમાં ઘણીજ વિચિત્રતા થઈ હતી. ભગવાન રામ રાવણનાં માથાં કે ભૂજાઓ કાપી નાખે તો પણ તુરત જ બીજા ઉગી નીકળતાં હતાં. લડવાવાળો એક જ માથાવાળો હોય અને સામે મોહ રૂપી રાવણ દસ માથાંને વીસ ભૂજાવાળો અને તે પણ એકવાર કાપી નાખે તો તુરત તેની જગ્યાએ બીજા ઉગી જાય. ઘડી ભર તો ભગવાન પણ મૂંઝાઈ ગયા કે હવે શું કરવું. આના મોહને કેમ મટાડવો ? આપણે ભગવાનની કથામાં બેઠા હોઈએ ને ખૂબ સારી ભગવાનની વાત થાય ને તે સાંભળવામાં તન્મય બની જઈએ ત્યારે તો એમ લાગે કે આનો હવે મોહ ગયો ! હવે મુક્ત થઈ રહ્યા ? પણ જ્યાં કથામાંથી ઉભા થઈએ ત્યાં તો રાવણનાં માથાની જેમ સજીવન થઈ જાય. તેવી તેની દશા થાય. તે રાવણનું માથું ઉગ્યું કહેવાય. ઘણી વખત કથામાં, પૂજામાં તન્મય બની જવાય ત્યારે એમ લાગે કે આપણો મોહ ટળી ગયો. આમ અંતરની આંખડી ઉઘડી જતી હોય છે પણ એક સેંકડમાં ફરી પાછો મોહ ઉગી નીકળે છે. આવી મોહની વિચિત્રતા છે.

આપણે મોહને જીતી બેઠા એવું ન માની લેવું. આ લડાઈ તો મૃત્યુ પર્યંત લડવાની છે. મોહને તો ભગવાનની કૃપાથી જ મારી શકાય છે. રાવણને તો ભગવાન જ મારી શકે. વાલી કે પરશુરામ ન મારી શકે. માટે મોહ સાથે લડવું એટલે ભગવાન રાખવા, કે ભગવાનની આજ્ઞા પાળવી સંત સમાગમ કરવો અને ભગવાનની ભક્તિ કરવી. તોજ માયિક દોષ નાશ પામે છે. નિષ્કપટ પણે સેવા ભક્તિ કરવી. જેઓ કપટ રાખીને સમાગમ કરે છે, ભક્તિ કરે છે, સેવા કરે છે. તેઓ સંસાર વ્યવહારમાં દુઃખી થઈ જાય છે. અને અસદ્ ગતિ થાય છે.

લવીયો નામનો ભક્ત હતો તે જૂનાગઢમાં મંદિરમાં સંતોની સેવા કરતો અને સંજવારી કાઢવાનું કામ પણ કરતો. એવો મહિમાવાળો હતો. પણ સ્ત્રી ધનઆદિકની વાસનાનો ક્ષય થયો નહોતો. દૈવ યોગે એ લવીયાની સ્ત્રી મરણ પામી. ત્યારે મોહ વશ હોવાથી તેના મનને ઘણું દુઃખ થયું. ત્યાર પછી એનીજ જ્ઞાતિની એક સ્વરૂપવાન સ્ત્રી હતી. અને તે સધવા હતી. છતાં તેના રૂપ વિષયમાં આસક્ત થયેલો હોવાથી તેની વૃત્તિ ખેંચાઈ એટલે મનમાં એવો ભૂંડો સંકલ્પ કર્યો કે આ સ્ત્રી જો વિધવા થાય તો હું તેની સાથે પુનઃ લગ્ન કરું. તેણે લાધા રાઠોડ આગળ વાત કરી. ત્યારે તેમણે કહ્યું કે છ મહિના સંજવારી કાઢીને સકામ ભાવથી સેવા કર તો તારૂં મનનું ધાર્યું સિધ્ધ થશે. ત્યારે એણે સેવા કરવાનો નિયમ રાખ્યો. તેના મનનો એવો મલિન સંકલ્પ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અંતર્યામી હોવાથી જાણી ગયા. એટલે સ્વામીએ તેને કહ્યું કે, ''અલ્યા લવીયા'' અવળા વિનિમય કરતો નહી, સવળા કરજે ? છતાંય મનમાં કપટ રાખી સ્વામીને કહ્યું કે સારૂ સ્વામી, હું સવળા વિનિમય કરીશ. આ લવીયો ભક્ત મંદિરમાં સેવા કરતો હોય એવા સમયે એ રૂપવાન સ્ત્રી મંદિરે દર્શન કરવા આવે ત્યારે લવીયો એ સ્ત્રીમાં મોહના કારણે મનમાં ખોટા સંકલ્પો કર્યા કરતો. આમ ત્રણ-ચાર વર્ષ સુધી સ્ત્રી વિના વિધુર રહ્યો પણ બીજી સ્ત્રીને ઘરગ્યો નહિ. દૈવયોગે બાઈનો પતિ મરણ પામ્યો. એટલે લવીયો તરત જ એ સ્ત્રીના બાપને મળ્યો. અને તેને માગ્યા તેટલા રૂપિયા ભરીને એજ સ્ત્રીને ઘરઘી લાવ્યો. અવળી ભાવનાથી સ્ત્રી લઈને આવ્યો એટલે સુખે સંસાર ભોગવવાનો સમય ન આવ્યો. સ્વામીને ખબર હતી છતાં

લવીયાને કહ્યું કે, તારો સંસાર કેવો ચાલે છે ? તેણે કહ્યું કે સ્વામી **"ઘોડું બેસવા લીધું હતું પણ ઉપાડવું પડે છે."** સંસાર માંડ્યા પછી છ મહિના થયા એટલે એ સ્ત્રીને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. તેની બાર મહિના સુધી દવાઓ કરી. અને પોતાને તો દેહની ચાકરી કરવી પડી. ત્યારે તેની સ્ત્રીને સારૂ થયું. એને આનંદ થયો કે હવે સુખેથી આનંદ કરશું પણ એટલામાં લવીયાનું આયુષ્ય આવી રહ્યું હોવાથી તેને ટુંટીયું થયું. અને અંતકાળનો સમય થયો. ત્યારે મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, લવીયાને તેડવા આવ્યા. ત્યારે લવીયાએ બે હાથ જોડીને વિનંતી કરી કે, મહારાજ, હું હમણાં ઘરધાયો છું. માટે હમણાં હું નહિ આવું. મને થોડો સમય આ સંસારમાં જ રહેવા દો. ત્યારે ગુણાતાતીનંદ સ્વામીએ કહ્યું કે આને મંદિરની અને સંતોની સેવા કરી છે. માટે કંઈપણ કળા કરીને તેને આ દેહમાંથી છોડાવો. પછી ગોપાળાનંદ સ્વામીએ યોગ બળથી તેની સ્ત્રીના જેવું રૂપ તેને દેખાડ્યું. એ સ્ત્રી તેને કહેવા લાગી કે, "શ્રીજી મહારાજ પધાર્યા છે તેમની સાથે હું અક્ષરધામમાં જાઉં છું." તમે આવો છો કે ? ત્યારે લવીયાને થયું કે સ્ત્રી પણ મારી સાથે આવે છે માટે જરૂર મારે જવું જોઈએ. તરત લવીયો કહે મહારાજ હું પણ આવવા તૈયાર છું. એમ કહીને આત્મા દેહમાંથી નીકળીને રથમાં બેઠો. પરંતુ રથમાં સ્ત્રી નહિ હોવાથી ઘણો દિલગીર થઈ ગયો. અને રસ્તામાં ઈલાવંત ખંડ આવ્યો અને મોહ વશ થઈને તે ઈલાવત ખંડમાં ઉતરી પડ્યો. ને અસદ્ગતિને પામ્યો. માટે મોહ કોઈપણ વસ્તુ પદાર્થમાં રાખવો નહિ.

●

**પઠાણને પ્રતીતિ**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

જૂનાગઢ લશ્કરમાં નોકરી કરતો એક પઠાણ ઝીંઝાવદરને પાદરેથી જતો હતો. ત્યાં તેના અંતઃકરણમાં શાંતિ થઈ ગઈ, તેના સંકલ્પો વિરામ પામી ગયા. તેને ચારે કોર તેજના પૂંજ દેખાવા લાગ્યા. તેને થયું. મક્કા મદીના જઈ હજ કરી આવ્યો, છતાં જે શાંતિ ન થઈ, તે મને અહીંયા વર્તાય છે. માટે ચોક્કસ આ ગામમાં કોઈ ઓલિયા ફકીર રહેતા લાગે છે.

આમ વિચારી તે સડક ઉપરથી ગામમાં આવ્યો. તેણે સામેથી ચાલ્યા આવતા અલૈયા ખાચરને પૂછ્યું. "આ ગામમાં કોઈ ઓલિયો ફકીર છે ?" અલૈયા ખાચરે કહ્યું, "ચાલ બતાવું." એમ કહી તેમણે ગામના ચોરામાં બેઠેલો રામજી મંદિરનો બાવો બતાવ્યો. પઠાણે હુક્કો પીતા બાવાને જોયો. પણ તેને પ્રતીતિ ન થઈ. પછી અલૈયા ખાચર પઠાણને મહારાજ પાસે લઈ ગયા. મહારાજનાં દર્શન કર્યા અને તેને પ્રતીતિ થઈ ગઈ. તેણે ઘૂંટણભેર પડીને મહારાજ સામે નમાજ પઢી. મહારાજે તેને સમાધિ કરાવી. સમાધિમાં તેને એંશી હજાર પયગંબરોનાં દર્શન થયા. તેણે મહારાજને 'ખુદાતાલા' કહી સ્તુતિ કરી. "મને આપની હજૂરની સેવામાં રાખો.' એવી તેણે માગણી કરી. મહારાજે તેને કહ્યું, "તું ઘેર જજે, ને મૂર્તિ અંતરમાં રાખજે. અમે તારું કલ્યાણ કરીશું. તને અંતકાળે તેડવા આવીશું." પઠાણ નમસ્કાર કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

મહારાજ ત્યાંથી નીકળી કારિયાણીની વાટે ચાલ્યા.

●

**અંધશ્રધ્ધા**

- હર્ષાબેન શૈલેષકુમાર પટેલ (પ્રાંતિજ)

દરેક વ્યક્તિને સંસારમાં જેમ સુખ મળે છે એમ દુઃખ પણ અનેકવિધ આવી પડે છે. ક્યારેક તો સુખ કરતાં દુઃખની સંખ્યા વધી જતી હોય છે. ભૂત, પ્રેત, પિશાચ, ડાકીની, બ્રહ્મ રાક્ષસ જેવા દુઃખ એવાં હોય છે જે ભારે ચટકા ભરે છે. છતાં દેખાતાં નથી. અને માણસને શરીર પીડા, ધનનાશ, માનસિક ત્રાસથી અતિ નિર્દયતાપૂર્વક રિબાવે છે. ઉપરાંત કોઈ શત્રુ હોય તો તે મલિનમંત્રો, મારણ, ઉચ્ચાટન વગેરે દ્વારા મહા જવર તથા ન ઓળખાય તેવા રોગો પ્રેરે છે. પરિણામે દુઃખી લોકો દુઃખ નિવૃત્તિ અર્થે અનેક પ્રકારના ઉપાયો કરતા રહે છે.

કોઈક વ્યક્તિ દુઃખોના નિવારણ માટે ભગવાન કે ઈષ્ટદેવ-દેવી કે સંત-સદ્ગુરુ નો આશ્રય મેળવી શ્રધ્ધા ને વિશ્વાસ દ્વારા દુઃખ નિવૃત્તિ પ્રાપ્ત કરે છે.

જ્યારે કેટલાક ઝટપટ સુખી થવા તાંત્રિકો, ભૂવા, જાગરિયા, મૂઠ, ચોર વિદ્યા જાણનારા અઘોરી કે તાંત્રિકો પાસે દોડી જાય છે અને તાંત્રિકોની માયાજાળમાં ફસાય

છે. અને આખરે ખૂબ લૂંટાય છે. નિઃસંતાન વ્યક્તિઓ ઘેર પારણું બંધાય તે માટે, પૂત્રનો જ જન્મ થાય તે માટે, રાતોરાત લાખ્ખોપતિ થઈ જવાય ને માટે શું નથી કરતા ? અરે બીજાના એકના એક બાળકનો બલિ ચડાવતા પણ અચકાતા નથી !! અઘોરી, તાંત્રિકો, ભૂવા વગેરે લોકોને સુખ સમૃદ્ધિની લાલચ આપી યજ્ઞ-યજ્ઞાદિના ખર્ચ કરાવે છે. મેલી માયા જાળમાં ફસાવે છે અને આખરે લોકો ખૂબ લૂંટાઈ જાય છે. આજના વૈજ્ઞાનિક યુગમાં ફકત અભણો જ નહી પરંતુ ભણેલા-ગણેલા લોકો પણ મંત્ર, જંત્ર, તંત્ર, અંધશ્રધ્ધાની રૂઢિઓમાં અટવાયેલા છે. અને ધૂર્ત, તાંત્રિકોની જાળમાં ફસાઈ જાય છે.

સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે કે જે મનુષ્યને જે પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસાર તેના દેહને સુખ-દુઃખ થાય છે કોઈ પણ જીવને સુખ-દુઃખ દેવા એક પરમેશ્વર નારાયણ જ સમર્થ છે. પણ બીજા કોઈ દેવ-દેવી સમર્થ નથી. માટે એક પરમેશ્વરનો જ દૃઢ આશ્રય રાખવો.

જંત્ર-મંત્ર કોઈ ઉપર ચાલતા હોય તો મોટા મોટા રાજાઓ કે જેઓને ઘણાય શત્રુઓ હોય છે. છતાં જીવતા રહે છે. જો જંત્ર-મંત્ર કરીને જ સિધ્ધિ થતી હોય તો લાખ્ખો રૂપિયા ખર્ચીને રાજાઓ લશ્કર, આયુધ, શસ્ત્રસરંજામ શા માટે રાખે ? એક જ ભારે મંત્ર- શાસ્ત્રી રાખી તે મંત્ર-તંત્રની સિધિએ કરીને દુશ્મન રાજાઓને મારી ના નખાવે ?

મંત્ર-જંત્ર-તંત્રએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોય તો કોઈ મરે જ નહીં ! અરે ! જે બહુ જંત્ર-મંત્ર-તંત્રને જાણે છે તે પણ મરી જાય છે !

માટે નિર્ભય થઈને ભગવાનનો દૃઢ આશરો રાખી ભગવાન નારાયણનું ભજન કરવું ભગવાને જે ધાર્યું હશે તે જ થશે માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનનો આશ્રય રાખવો એ જ શ્રેષ્ઠ ઉપાય હોઈ આપણા અણમોલ જીવનને અંધવિશ્વાસ પાછળ વેડફી ન નાખવું.

**"શ્રધ્ધાભરી જિંદગી જગમાં કદી ફરતી નથી,**
**શ્રધ્ધાવિહોણી જિંદગી જગમાં કદી ફળતી નથી."**

(પેઈજ નં. ૧૭ નું)

વગર વિદ્યાભ્યાસે વેદ-વેદાંન્ત એમને હૈયે વસી ગયાં. તે વિદ્વાન બની ગયો. જે પ્રાપ્તિ વરસો સુધી અભ્યાસ કરતાં પણ ન થઈ શકે તે એકદમ ક્ષણમાત્રમાં થઈ ગઈ. ગુરૂએ જ્ઞાન પ્રાપ્તિ કરાવી. શિષ્યે ગુરૂને દંડવત પ્રણામ કર્યા અને ગુરૂનો વ્હાલ ભર્યો હાથ શિષ્યના મસ્તક પર ફરવા લાગ્યો. શિષ્ય ધન્ય ધન્ય થઈ ગયો અને યાત્રા પણ પરિપૂર્ણ થઈ.

મિત્રો ! જોયું ને. ગુરૂ પ્રત્યેની શ્રધ્ધા, ગુરૂના પ્રત્યેક કાર્યમાં વિશ્વાસથી શિષ્યને તેવી ઉચ્ચ કોટીની પ્રાપ્તિ થઈ ! ભગવાનના સ્વરૂપમાં અને ગુરૂ વચનમાં જેને આવી શ્રધ્ધા અને આવો વિશ્વાસ હોય તે સુખી બને છે. અને જેને આવી અચળ શ્રધ્ધા ન હોય તેને ક્યાંય પણ સુખ, શાંતિ કે જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. આપણા તો કેવા ભાગ્ય છે કે આપણને આવા દિવ્ય સત્સંગની અને સહેજે સહેજે સંત સમાગમની તક પ્રાપ્ત થઈ છે તો શ્રધ્ધા અને વિશ્વાસથી ભગવાનની ભક્તિ કરી મનુષ્ય જન્મની સાર્થકતા પ્રાપ્ત કરી લેવી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરનો ઓફિસ નંબર**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીકૃષ્ણ ભગવાન, તેની જે ભક્તિ તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ થકી, બીજુ કલ્યાણકારી સાધન કાંઈ નથી. એમ જાણવું.... શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. ૨ શ્રીહરિએ જેતલપુરધામમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા ક્યારે કરી છે ?

પ્ર. ૩ શ્રી નરનારાયણદેવના કરમાં રહેલ આયુધના નામ જણાવો.

પ્ર. ૪ અષ્ટ સિધ્ધિઓના નામ જણાવો ?

પ્ર. ૫ ભગવાન શ્રી નીલકંઠવર્ણીએ શ્રી રામસ્તૃતિ વનવિચરણ દરમ્યાન કરેલ જેનું વર્ણન સ.ગુ. શતાનંદ સ્વામીએ ક્યા ગ્રંથમાં કરેલ છે. તે કેટલા શ્લોકમાં છે ?

પ્ર. ૬ શિયાણી ગામના શિવરામ વિપ્રને કેટલા દીકરા અને દીકરી હતી, તેઓના નામ જણાવશો.

પ્ર. ૭ ગઢપુરમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા તે વખતે સભામાં કહ્યું, જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ શ્રી કૃષ્ણનારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહિ એવો એક કાગળ લખીને દેશ-દેશના સત્સંગી પ્રત્યે મોકલ્યો હતો તે કાગળ ક્યારે લખાયો હતો ?

## મે-૨૦૧૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક નં. ૧૩૮. (૨) ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ, ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (૩) હરિસ્મૃતિ ગ્રંથ, દર્શન ચિંતામણી-૪, ચોપાઈ ક્રમ ૩૮. (૪) સંભલ ગામમાં મહાત્મા વિષ્ણુશર્મા બ્રાહ્મણને ઘેર. (૫) સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી. (૬) જેને દૃઢ બ્રહ્મચર્ય હોય ને સર્વ ઈન્દ્રિયોને પોતાને વશ હોય તેને યતિ જાણવો. (૭) ''ઈનકો જેહી જન શરના કીનાં તિનકું અચલ અભય પદ દીનો.''

| | |
|---|---|
| ૧ | પટેલ વિનોદભાઈ (વહેલાલ) |
| ૨ | પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા) |
| ૩ | પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ) |
| ૪ | પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ) |
| ૫ | સોની હરિભાઈ ગિરધરલાલ (શાહીબાગ) |
| ૬ | પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ) |
| ૭ | પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ) |
| ૮ | ડાભી મફાજી સરદારજી (ડાંગરવા) |
| ૯ | ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ) |
| ૧૦ | પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ) |
| ૧૧ | પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ) |
| ૧૨ | સાં.યો. બહેનો સ્વામિ. મંદિર જુનું (મોરબી) |
| ૧૩ | પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા) |
| ૧૪ | અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર) |
| ૧૫ | ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ) |
| ૧૬ | પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર) |
| ૧૭ | પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા) |
| ૧૮ | પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા) |
| ૧૯ | પટેલ જયંતિભાઈ અંબાલાલ (માણસા) |
| ૨૦ | પટેલ ઉષાબેન એમ. (વાવોલ) |
| ૨૧ | પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી) |
| ૨૨ | શારદાબેન એચ. (વાવોલ) |
| ૨૩ | ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા) |
| ૨૪ | પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા) |
| ૨૫ | સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર) |
| ૨૬ | પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા) |
| ૨૭ | પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા) |
| ૨૮ | પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી) |
| ૨૯ | પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર) |
| ૩૦ | પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર) |
| ૩૧ | કોટક મૈત્રી (બોપલ) |
| ૩૨ | ઝોલાપરા શોભના કે. |
| ૩૩ | મોદી આશાબેન ભરતભાઈ (માણસા |
| ૩૪ | ડાભી ધવલસિંહ ધર્મેન્દ્રસિંહ (ડાંગરવા) |
| ૩૫ | સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી. જી. રોડ) |
| ૩૬ | ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર) |
| ૩૭ | સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર) |
| ૩૮ | પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર) |
| ૩૯ | ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર) |
| ૪૦ | ખત્રી રાજન કનુભાઈ (વિરમગામ) |
| ૪૧ | સાં.યો. સુનિતાબા (સ્વા. મંદિર બહેનોનું -વિરમગામ) |
| ૪૨ | પટેલ વસંતીબેન જયંતિભાઈ (ઉંઝા) |
| ૪૩ | મહેશ ભગત (પૂજારી) (જીવરાજપાર્ક) |
| ૪૪ | ભોરણીયા રમેશભાઈ નથુભાઈ (ઘૂંટુ) |
| ૪૫ | ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘૂંટુ) |
| ૪૬ | ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા) |

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ગુરુ પૂર્ણિમા એવં પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૨ મો જન્મોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં અષાઢ સુદ-૧૫ તા. ૧૬-૭-૨૦૧૯ મંગળવારના રોજ ગુરુ પૂર્ણિમા મહામહોત્સવ અને સાથે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૨૨ મો જન્મોત્સવ સમસ્ત સંત-હરિભક્તો ના વિશાળ જન સમુદાય દ્વારા ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારીને દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. મંદિરના વિદ્વાન ગોર શ્રી કમલેશભાઈના પુત્રે સુંદર સ્વસ્તીવાચન કરીને ધર્મકુળની પૂજન વિધિ વિધિવત રીતે થઈ હતી. ત્યારબાદ ધામો ધામથી પધારેલા પૂ. સંતોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી સમૂહમાં આરતી ઉતારી હતી. આજના ગુરુ પૂનમના મહા ભાગ્યશાળી યજમાનો શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ વાલી (રાજ.) હાલ મુંબઈ જેમાં પ.ભ. કિશનભાઈ માલી (મુંબઈ), પ.ભ. માગીલાલભાઈ ચૌધરી, પ.ભ. હરિશભાઈ પુરોહિત અને પ.ભ. મગનભાઈ ચૌધરી આદિ મંડળના હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ યજમાનોને પ્રસાદીનો ખેસ ઓઢાડી તેમનું સુંદર સન્માન કર્યું હતું. ત્યારબાદ આપણા શ્રી નરનારાયણ ટેમ્પલ ટ્રસ્ટ બોર્ડના સભ્યશ્રીઓ તથા પૂર્વ (માજી) સભ્યશ્રીઓ અને અગ્રગણ્ય હરિભક્તોએ પણ પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત સત્સંગને ખૂબજ ટુંકું પણ જીવમાં ઉતરી જાય એવા રૂડા આશીર્વાદ આપી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પધાર્યા હતા. આજના આવા સુંદર ભવ્ય પ્રસંગનું સભાપતિનું સ્થાન સંચાલન વિદ્વાન સ.ગુ. પૂજ્ય શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) શોભાવ્યું હતું. આ પ્રસંગે વિદ્વાન સંતમાં પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી), સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી), પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. દેવસ્વરૂપદાસજી (માણસા મહંતશ્રી) અને પૂ.સ.ગુ.શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર મંદિર મહંતશ્રી) તથા પ.ભ. પ્રોફેસર શ્રી હિતેન્દ્રભાઈ પટેલ આદિ સૌએ શ્રીહરિ પ્રસ્થાપિત સંપ્રદાયની ગુરુપરંપરા અને ગુરુ પૂજનનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બાળ મંડળે પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૨૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે ૨૨ ફૂટનો સુગંધીદાર પુષ્પનો હાર પ.પૂ. લાલજી મહારાજશ્રીને પહેરાવીને પોતાની ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠા-ભાવના દર્શાવી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા નિત્ય નિયમ અને કીર્તનની નવી એપ - એપ્લીકેશન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા લોંચ કરવામાં આવી હતી. સાથે કોટા મંદિર મહંતશ્રી શા. મુનિ સ્વામી, શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર), શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (મહંતશ્રી નારાયણઘાટ) અને શા. સ્વામી ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ મંદિર) આદિ યુવાન સંતો જોડાયા હતા.

પૂ. સ.ગુ. મહંત સ્વામીની પ્રેરણાથી આવતા વર્ષના ગુરુ પૂર્ણિમાના યજમાન માણસાના પ.ભ. ડાહ્યાભાઈ પટેલ પરિવારની જાહેરાત પૂ. શા. રામ સ્વામીએ કરી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (વિસ્તૃત આશીર્વાદ આ અંકમાં પ્રકાશિત કરેલ છે) સમગ્ર ગુરુપૂર્ણિમાનું ભવ્ય સુંદર આયોજન પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી પૂ. હરિચરણ સ્વામી (કલોલ), પૂ. જે.પી. સ્વામી, કોઠારી પૂ. જે.કે. સ્વામી, ભંડારી યોગી સ્વામી આદિ સંત-મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર પ્રેરણાદાયક સેવા કરી હતી. (શા. સ્વા. નારાયણમુનિદાસ - કોટા મહંતશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં હિંડોળા દર્શન**

આપણા સંપ્રદાયના તમામ ઉત્સવો વૈષ્ણવ રીતિ પ્રમાણે ઉજવાય છે. ઠાકોરજીને હિંડોળા અષાઢ વદ-૨ બીજથી શ્રાવણ વદ-૨ બીજ પર્યન્ત થાય છે. રોજે સાંજના ૫-૦૦ કલાકે શ્રીહરિને વિવિધ પ્રકારના જેમ કે, વિવિધ કુદરતી ફૂલોના, ફળ ફ્રૂટ, મેવાના, રાખડીઓના, ચોકલેટના, ડ્રાયફ્રૂટ, આદિ પ્રકારના સુંદર નયન રમ્ય દેદિપ્યમાન ભવ્ય હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવવામાં આવે છે. અમદાવાદ કાલુપુર

મંદિરના પૂ. મહંત સ્વામીનું સંત મંડળ, હરિચરણ સ્વામી, જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, ભંડારી યોગી સ્વામી, શા. મુનિ સ્વામી આદિ સંત-પાર્ષદ મંડળ અને કર્મચારીગણ હિંડોળા બનાવવાની સુંદર સેવા કરી ભગવાન શ્રી નરનારાયણદેવને રાજી કરે છે. ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી સંતો સાંજે ભગવાનને હિંડોળામાં ઝુલાવી દર્શન કરાવે છે. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ ઠાકોરજી સમક્ષ નંદ સંતોના કીર્તન ગાઈને ભવ્ય ઓચ્છવ કરે છે.

હિંડોળામાં જેમને યજમાન બનવાની ઈચ્છા હોય તેમણે કોઠાર ઓફિસમાં સંપર્ક કરવો.

(કોઠારી શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જડેશ્વરપાર્ક મહાદેવનગર ૨૪ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર જડેશ્વર પાર્ક મહાદેવનગર મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૨૪ મો પાટોત્સવ જેઠ સુદ-૩ તા. ૬-૬-૧૯ ના રોજ ભવ્યતાથી ઉજવાયો. પાટોત્સવ અંતર્ગત ત્રિદિનાત્મક કથામાં પ્રથમ દિને કુંજવિહારી સ્વામી (કાલુપુર), બીજા દિવસે શા. સ્વામી રામકૃષ્ણદાસજી (ગાંધીનગર) અને ત્રીજા દિવસે શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કથામૃતનું પાન કરાવ્યું હતું. છેલ્લા દિવસે ઠાકોરજીની મંગળા આરતી બાદ શ્રી હરિકૃષ્ણ મહારાજને અભિષેક અને છેલ્લે અન્નકૂટ આરતી અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદદાસજી અને પૂ. સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)એ ઉતારીને સભામાં સૌને પ્રેરક આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન થયું હતું. આ પ્રસંગે કોઠારી હરગોવિંદભાઈ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ભાઈઓ-બહેનોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી.

(મહાદેવનગર મંદિર - કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર ૫૮ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે વડનગર મંદિરના સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી તથા કોઠારી શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પૌરાણિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૮ મો વાર્ષિક પાટોત્સવ જેઠ વદ-૧૨ તા. ૩૦-૬-૧૯ ને રવિવારના રોજ અ.નિ. ભાવસાર શાંતિલાલ નરોત્તમદાસ તથા અ.નિ. ભાવસાર પ્રભાવતીબેન શાંતિલાલના સ્મરણાર્થે તેમના સુપુત્ર પ.ભ. વિજયભાઈ, અ.સૌ. માધુરીબેન વિજયભાઈ ભાવસાર ચિ. જીતકુમાર આદિ પરિવાર તરફથી ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. નારાયણવલ્લભદાસજી તથા કોઠારી શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજીના વક્તાપદે સર્વે હરિભક્તોને કથામૃતનું અલૌકિક રસપાન કરાવ્યું હતું. સહિંતા પાઠના વક્તાપદે મંદિરના પુરોહિત શાસ્ત્રી જયેશભાઈ રતિલાલ વ્યાસ બિરાજ્યા હતા. જેઠ વદ-૧૨ ના યજમાન દ્વારા મહાપૂજા વિધિ કર્યા બાદ સંતોએ ઠાકોરજીને ષોડશોપચાર મહા અભિષેક કરી અન્નકૂટ ધરાવી પૂજારી સ્વા. ધર્મવિહારીદાસજીએ આરતી ઉતારી હતી.

આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજીએ યજમાનશ્રી અને હરિભક્તોને ભગવાન સંબંધી વાતો કરીને આવી સેવા કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી. વડનગર અને બહારગામથી પધારેલા હરિભક્તોએ દર્શન કરી મહાપ્રસાદ લીધો હતો. ગાંધીનગર મંદિરથી પધારેલા મહંત પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામીએ સૌ હરિભક્તોને ભગવાનના સર્વોપરીપણાની સુંદર વાતો કરી રાજી કર્યા હતા. સાથે કાંકરિયા મંદિરના મહંત પૂ. સ્વા. ધર્મસ્વરૂપદાસજી, સ્વા. માધવપ્રસાદદદાસજી (જમીયતપુરા), ઈડર થી સ્વા. જયવલ્લભદાસજી આદિ સંતો પધાર્યા હતા. ટ્રસ્ટી પ.ભ. શ્રી નવિનચંદ્ર મણીલાલ મોદીએ આભાર વિધિ કરી હતી. સભાપતિની સુંદર સેવા સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ શોભાવી હતી. મોદી વાડીલાલે સુંદર વ્યવસ્થા કરી હતી. (પૂજારી સ્વા. ધર્મવિહારીદાસ ગુરુ શા. નારાયણવલ્લભદાસજી - વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા ૧૦૫ મો પાટોત્સવ**

સર્વોપરી સર્વઅવતારના અવતારી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ચરણકમળથી અલૌકિક તીર્થ ભૂમિ સરયુ નદીથી શોભાયમાન અયોધ્યા પુરી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૦૫ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદદાસજી ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અ.નિ. સાંખ્યયોગી નાનબાઈ કરશન વરસાણી

(કેરા કચ્છ) તરફથી તેમના શિષ્ય મંડળ સાં. દેવુબા તથા સાં. જસુબા આદિ તરફથી અષાઢ સુદ-૪ ને તા. ૬-૭-૧૯ ને શનિવાર ના રોજ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨-૭-૧૯ થી તા. ૬-૭-૧૯ પર્યન્ત શ્રી ઘનશ્યામ બાળ ચરિત્ર પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. જેના યજમાન પ.ભ. કરશનભાઈ મનજીભાઈ હિરાણી ધ.પ. અમરબાઈ કરશનભાઈ તથા સુત રવજીભાઈ, લાલજીભાઈ તથા પ્રેમજીભાઈ આદિ પરિવારે સુંદર લાભ લીધો હતો. આ પાટોત્સવ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. જેમાં સ.ગુ. શા. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. શા. છપૈયાપ્રસાદદાસજી, સ.ગુ. શા. સ્વા. વિવેકસાગરદાસજી, સહિંતા પાઠમાં બિરાજ્યા હતા. આ મંગળ પ્રસંગે સર્વોપરી છપૈયાધામના મહંત સ.ગુ. બ્ર. સ્વા. વાસુદેવાનંદજી અને અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વા. દેવપ્રસાદદાસજીએ કથાના યજમાન શ્રી કરશનભાઈ તથા તેમના પુત્રોને સાફા બાંધી સ્મૃતિરૂપ ભેટ અર્પણ કરી હતી. છપૈયા મંદિરના કોઠારી બ્ર. શા.સ્વા. હરિસ્વરૂપાનંદજી (મેમ્બરશ્રી) એ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજે અયોધ્યામાં કરેલી અનેક લીલા ચરિત્રો સંભળાવી ધામનો મહિમા કહ્યો હતો. પાટોત્સવ પ્રસંગે મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના પૂજારી જે.પી. સ્વામી, પાર્ષદ ભરત ભગત, વડનગરથી પૂજારી ધર્મવિહારી સ્વામી, અમદાવાદથી વિષ્ણુ સ્વામી, પાર્ષદ બાબુ ભગત - હાર્દિક ભગત તથા અલ્હાબાદ મંદિરના સંતો પણ પધાર્યા હતા. અયોધ્યા મંદિરના ગોર પંડિત સંદેશ તિવારીએ અભિષેક પૂજન વિધિ વિધિવત કરાવી હતી. રસોડાની સેવામાં પાર્ષદ ભૂપત ભગત, સુમિત ભગત, પૂજારી તિવારી અને હરગોવન ભગત આદિએ સુંદર સેવા બજાવી હતી. કચ્છ કેરાના સાંખ્યયોગી બાઈઓએ પણ ખૂબજ સુંદર સેવા બજાવી હતી. (શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી મહંતશ્રી, વડનગર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા સત્સંગ સભા હિંડોળા દર્શન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામી (જેતલપુર)ની પ્રેરણાથી તથા મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા શા. ઉત્તમપ્રિયદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખાતે તા. ૨૨-૬-૧૯ના રવિવારના રોજ રાત્રે ૯ થી ૧૦-૩૦ દરમ્યાન સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં નવયુવાન કથાકાર શા. સ્વા. ભક્તિનંદનદાસજીએ (જેતલપુર) પોતાની આગવી શૈલીમાં સર્વોપરી શ્રીહરિની લીલાઓનું સુંદર વર્ણન કર્યું હતું. અત્રે મંદિરમાં અષાઢ વદ-૨ થી ઠાકોરજીને નિત અવનવા હિંડોળા બનાવીને ઝુલાવતા દર્શન કરાવવામાં આવે છે. અનેક હરિભક્તોએ સભા અને હિંડોળા દર્શનનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(હિતેન્દ્રસિંહ ભગત - મહેસાણા મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દેવપુરા (બહેનોનું) (તા. વિરમગામ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

સર્વોપરી સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીના શિષ્ય મંડળ તથા દેવપુરા ગામ સમસ્ત તરફથી નૂતન (બાઈઓનું) શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા-યજ્ઞ ઠાકોરજીને અભિષેક, અન્નકૂટ આદિ ધામધૂમથી થયા હતા. તા. ૧૧-૫-૨૦૧૯ શનિવારને વૈશાખ સુદ-૭ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી - દેવપુરા મંદિર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મૂળી મંદિરના મહંત સ.ગુ. સ્વામીશ્રી શ્યામસુંદરદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમા તા. ૧૬-૭-૧૯ ના રોજ સ.ગુ. બ્રહ્માનંદ સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન સૌ સંત-હરિભક્તોએ કર્યું હતું. સાથે સાથે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની તસવીરનું પૂજન કર્યુંહ તું. સભામાં સ.ગુ. શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ આપણા સમસ્ત સત્સંગના ગુરુ એવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને ધર્મકુળનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું, ઝાલાવાડ, ભાલ અને હાલાર પ્રાંતના હરિભક્તોએ ધર્મકુળ પૂજનનો અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા હતા. આ પ્રસંગે કોઠારી હરિકૃષ્ણ સ્વામી, કોઠારી વ્રજ સ્વામી, પાર્ષદ ભરત ભગત આદિ સંત-પાર્ષદ મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી સ્વામી મૂળી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા ૧૫૫ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વા. ભક્તિહરિદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત) નો ૧૫૫ મો પાટોત્સવ તા. ૯-૭-૧૯ ના વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે પૂ. ભક્તિહરિ સ્વામી અને મોરબી મંદિરથી ધર્મજીવન સ્વામી આદિ સંતોએ કથાવાર્તા ધૂન કીર્તન ઠાકોરજીની અન્નકૂટ આરતી આદિ કર્યા હતા. સૌ હરિભક્તોએ દર્શન કરી કથાવાર્તાનું પાન કરી પ્રસાદ લઈ ધન્ય થયા હતા. (અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

**આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર હંસવીલ (અમેરિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા-આશીર્વાદથી અમેરિકા હંસવીલમાં નિવાસ કરતા હરિભક્તોને સત્સંગ કરવા માટે સત્સંગનું કેન્દ્ર સમાન નવ્ય ભવ્ય આધુનિક સુવિદ્યાથી સજ્જ ખૂબ સુંદર મંદિર નિર્માણ થયું. તા. ૩-૭-૧૯ થી તા. ૭-૭-૧૯ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

આ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત પારાયણ, મહાવિષ્ણુયાગ, પોથીયાત્રા, મહાપૂજા જેવા વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન થયું.

ઉત્સવનો મંગળ પ્રારંભ દિપ પ્રાગટ્ય અને મંગળ ઉદ્‌બોધનથી થયો. સૌ પ્રથમ તો આવા મહાભગીરથ સેવાયજ્ઞમાં આર્થિક ફંડ માટે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી જેતલપુર ધામના પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી અને જેતલપુરધામના ઠાકોરજીના પૂજારી બ્ર. શા. સ્વામી પૂર્ણાનંદજીએ ત્યાં પ્રત્યક્ષ જઈ હરિભક્તોને પ્રેરણા કરીને મહા ભગીરથ કામ પૂર્ણ કર્યું.

